**સુવિચાર**
જે વ્યકિત કોઈપણ પ્રકારે દાન આપે તેને દાતા કહેવાય. દાતા એટલે મુઠ્ઠી ઉંચેરો માનવી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૭/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૮૯

## જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થયું ધાર્મિક આયોજન

# અમરેલીથી ફતેપુર સુધીની ''પદયાત્રા'' યોજાઈ

**પવિત્ર અધિક પુરૂષોત્તમ માસમાં આહ્‌લાદક વાતાવરણમાં ધાર્મિકસભર વાતાવરણમાં પદયાત્રા યોજાઈ**

**મોટી સંખ્યામાં લેઉવા પટેલ સમાજનાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા**

**જયાં ભગવાન દ્વારકાધીશનાં પગરણ થયા છે તે ફતેપુરધામમાં ઉષ્માભેર સ્વાગત ગયું**

**રોકડીયા હનુમાન મંદિરથી ફતેપુરધામ સુધી માર્ગમાં ઠેકઠેકાણે સ્વાગત કરાયું**



અમરેલી, તા. ૨૪

અમરેલી ખાતે અધિક પુરૂષોત્તમ માસનાં પવિત્ર માસ અને મુશળધાર વરસાદી આહલાદક વાતાવરણમાં અમરેલી જિલ્લાનાં 'ફતેપુર ભોજલધામ' ખાતે શ્રી રોકડીયા હનુમાનજી મંદિરથી શ્રી ભોજલરામ મંદિર સુરત 'પદયાત્રા'નું આયોજન ખુબ જ ઉમળકાભેર અને ઉત્સાહ સાથે ધાર્મિક ભાવનાંથી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંઘન થયેલું આ કાર્યક્રમમાં પ્રમુખ દિનેશભાઈ ભુવા અને તેમની સમગ્ર ટીમ દ્વારા ખુબજ ટુંકા સમયમાં જહેમત ઉઠાવી આયોજનને સફળ બનાવામાં આવેલ.

આ તકે પૂ.મહંત શ્રી ભકિતરામબાપુએ ભોજલરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ જ્ઞાતિબંધુઓને ફતેપુર 'ભોજલધામ' ભુમી કે જયાં શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકાધીશ ભોજલરામ બાપાને દર્શન આપવા આવેલ ત્યાં તમામ લેઉવા પટેલ જ્ઞાતિબંધુને પધારવા ભાવભર્યુ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સાવરકુંડલા નજીક આવેલ

# કરજાળા ગામે શેલ નદીમાં રોયલ્ટી ઈન્સ.ને પછાડી દઈ ફરજમાં રૂકાવટ

**કરજાળા ગામનાં ઈસમ સામે કાર્યવાહી હાથ ધરાય**

અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાનાં કરજાળ ા ગામે રહેતા વિશાલપરી ઉર્ફે મોરલો વિષ્ણુપરી ગૌસ્વામી નામનાં ઈસમ પોતાના હવાલાવાળા ટ્રેકટરમાં કરજાળ ા ગામે આવેલ શેલ નદીમાંથી ખનન કરી આશરે ૪ ટન રેતી ભરતા હોય. ત્યારે ખાણ ખનીજ વિભાગનાં રોયલ્ટી ઈન્સપેકટર ભાવેશભાઈ સાધુએ ત્યાં આવી અને ફરજનાં ભાગરૂપે તપાસ કરતાં આરોપી વિશાલપરીને સારૂ નહી લાગતા સરકારી કર્મીને ધકકો મારી પછાડી દઈ ઈજા કરી અને જો ફરિયાદ કરશે તો ટ્રેકટર માથે ચડાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# અમરેલીનાં હનુમાનપરાનાં ઈસમની 'પાસા' હેઠળ અટકાયત કરવામાં આવી

**એસપીનાં માર્ગદર્શનતળે સીટી પોલીસે પાલનપુર જેલ હવાલે કર્યા**

અમરેલી, તા. ૨૪

અમરેલી જીલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય અને અમરેલી જીલ્લાના નાગરીકોને સુખ–શાંતિનો અહેસાસ થાય અને નિર્ભયપણે રહી



શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા દ્વારા સુચના આપેલ હોય જે અન્વયે, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.કે.વાઘેલાએ અમરેલી સીટી વિસ્તારમાં શરીર સબંધી ગુનાઓ કરતા ઈસમ છત્રપાલ ચન્દ્રકિશોરભાઈ વાળા રહે. હનુમાનપરા રોડ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

### દીપડાની પાછળ દોડ લગાવનાર સિંહણ સહિત બન્નેનાં મોત

# અરેરાટી : સાવરકુંડલાનાં હાથસણી ગામે દીપડો અને સિંહણ બન્નેનાં કૂવામાં પડી જવાથી મોત

**થોડા દિવસો પહેલા ટ્રેન હડફેટે સિંહનાં મોત બાદ સિંહનાં મોતની બીજી ઘટના બની**





સાવરકુંડલા, તા. ૨૪


દેશની આન, બાન અને શાન ગણાતા સિંહો પ્રત્યે વનવિભાગની ઉદાસીનતા અને નિષ્કાળજીને કારણે સિંહો મોતને ભેટવાની ઘટનાઓ ઘટતી નથી. કુદરતી મોત કે આકસ્મિક મોતની ઘટનાઓ અંગે વનવિભાગ થોડું વધુ સતર્કતા રાખે તો અકસ્માતે ઘટતી ઘટનાઓ પર બ્રેક લાગે તેમ છે. ત્યારે આવી જ એક દુર્ઘટના સાવરકુંડલાના હાથસણી ગામના ખોડી જવાના માર્ગના વાડી માલિક અનિ નાગજીભાઈ શિંગાળા રે. હાથસાણી હાલ સુરતની ફાર્મ રાખનાર જેરામભાઈ મોહનભાઈ સાવલિયાની વાડીના અવાવરૂ કુવામાં પાઠડા દીપડાની પાછળ એક સિંહણે દોડ લગાવેલી. જેના ફળસ્વરૂપે સિંહણ અને પાઠડો દીપડો બન્ને ખુલ્લા અવાવરૂ કુવામાં ખાબકતા મોતને ભેટયા હતા. ત્યારે વનવિભાગને ઘટનાની જાણ થતાં મારતે ઘોડે હાથસણીની સીમ વિસ્તારમાં પહોંચ્યા ત્યારે દીપડો–સિંહણ મોતને ભેટયા હતા ને દીપડા પાછલ સિંહની દોટના પગલાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

લેડીઝ સ્ટાફ જોઈએ છે
રિસેપ્સનિષ્ટ...........૧
(કોમ્પ્યુટરનાં જાણકાર)
દાંતના દવાખાનામાં કામકાજ માટે.....૧
મળવાનો સમય : સવારે ૯ થી ૧, સાંજે : ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪



નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ / જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### ભાજપ અગ્રણી નીતિન રાઠોડની માંગ

# બાબરાનાં કરિયાણા ગામે પીજીવીસીએલ દ્વારા સબ સ્ટેશનનું નિર્માણ કરાવવામાં આવે

**રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કરાઈ રજૂઆત**

બાબરા, તા. ૨૪

બાબરા તાલુકાના કરીયાણાં ગામને પીજીવીસીએલનું સબ સ્ટેશન તો ફાળવી દેવામાં આવ્યું છે પણ તેની કામગીરી કયારે શરૂ કરવામાં આવશે. તે બાબતે યોગ્ય અને ઉગ્ર રજૂઆત લોકોના હિતાર્થે આ વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્ય અને કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈનું ધ્યાન દોરી રજૂઆત કરી ત્વરિત અહીં પાવર સ્ટેશનની કામગીરી શરૂ કરવામાં આવે તેવી માગણી અને લાગણી વ્યકત કરેલ છે. જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા કરીયાણાં ગામે પીજીવીસીએલના પાવરસ્ટેશન માટે જમીન તો ફાળવી આપેલ છે પણ છેલ્લા બે વરસથી અહીં પાવર સ્ટેશન બનાવવામાં આવતું નથી. જેના કારણે કરીયાણાં, ઈરિયા, શિરવાણીયા, માધુપુર, કીડી, જીવાપર, નાની કુંડળ જેટલા ગામના લોકો અને ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. હાલ ઉપરોકત ગામડાઓને પાવર સપ્લાય બાબરા તરફથી મળી રહ્યો છે. જેના કારણે પાવર કાપનો ભોગ બનવું પડે તેમજ અહીં લો વોલ્ટેજ રહે છે અને વળી ફોલ્ટ માટે બાબરા સુધી ધકો ખાવાની ફરજ પડે છે.

નીતિનભાઈ રાઠોડ દ્વારા જણાવ્યું હતું કે ઉપરોકત છ સાત જેટલા ગામના લોકો તેમજ ખેડૂતો સ્થાનિક ખેતી તેમજ અન્ય સ્થાનિક રોજગાર જેવા કે હીરાનાં કારખાના તેમજ વેલ્ડીંગ મશીન પર કામ કરતા કુટીર ઉદ્યોગ આવેલ અને અને તેની ઊપર આજીવિકા ચલાવી રહ્યા છે પણ ખરા સમયે અને નિયમિત વીજળીનો પુરવઠો નહિ મળતા લોકોની મુશ્કેલીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે કરીયાણાં ગામે પીજીવીસીએલનું પાવર સ્ટેશનનું કામ ઝડપથી શરૂ કરી લોકોની સેવામાં મુકવામાં આવે તે અતિ જરૂરી હોવાનું અંતમાં જણાવ્યું હતું.

### અનેક મહત્વનાં રૂટ બંધ કરી દેવાયા

# ખાંભા પંથકને એસ.ટી. વિભાગ દ્વારા અન્યાય ઉપર અન્યાય થયા કરે

**વેપારી મંડળે વિભાગીય નિયામકને પત્ર પાઠવ્યો**

ખાંભા, તા. ૨૪

ખાંભાનાં વેપારી મંડળનાં પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણીએ એસ.ટી.નાં વિભાગીય નિયામકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,બગસરા ડેપો ખાતેથી ચાલતી બગસરા બગદાણા તેમજ ધારી ડેપો ખાતેથી ચાલતી મહુવા ધારી તેમજ ખાંભા રૂટ ઉપર ચાલતી અમરેલી ડીવિઝન નીચેનાં ડેપો ઉપરથી ઘણી બસો બંધ કરેલ છે. અને આ અંગે અવાર–નવાર રજુઆત કરવા છતાં કોઈ પગલા અમરેલી ડીવિઝન મારફતે લેવામાં આવેલ નથી અને બગસરા ડેપોની બસ ખાંભા ધોરાજી જે ખાંભાથી ઉપડે છે. તે બસને જામકંડોરણા લંબાવવા માંગ છે.

જેથી કરીને આ તાલુકાની વિદ્યાર્થીનીઓ જામકંડોરણા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હોય તેઓને પુરતો લાભ મળી શકે તેમ છે. તેમ અંતમાં જણાવેલ છે.

### પાલિકા અને પીજીવીસીએલ વચ્ચે સંકલનનો અભાવ

# જાફરાબાદના વઢેરા માર્ગ ઉપર વિવેકાનંદ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટનો અભાવ

**છેલ્લા ૪ મહિનાથી સમસ્યાનું નિરાકરણ થતું નથી**

જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદ વિવેકાનંદ સોસાયટીમાં છેલ્લા ચાર મહિનાથી સ્ટ્રીટ લાઈટ બંધ હોય અહીંના રહીશો દ્વારા નગરપાલિકાને લેખિત અરજી પણ આપવામાં આવી પરંતુ હજી સુધી આ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવામાં નથી આવી.

નગરપાલિકાના અધિકારીને રજૂઆત કરવામાં આવે તો તેઓ કહે છે કે અમે પીજીવીસીએલને કોટેશન સાથે પૈસા પણ ભરી દીધા છે તો બીજી તરફ હવે પીજીવીસીએલ એવું જણાવે છે કે સાવરકુંડલા થી એબીસી કેબલ આવે તો થશે.

નગરપાલિકા અને પીજીવીસીએલ એકા બીજાના ખો ના કારણે આજે ચાર ચાર મહિનાથી આ સોસાયટીના લોકો અંધારામાં છે. અહીં અનેકવાર હિંસક પશુઓ જેવા કે દીપડા, સિંહ સહિતના જંગલી પશુઓ આવી શકતા હોય અને સોસાયટીમાં અંધારપટ હોય તો ગંભીર ઘટના બને તો જવાબદારી કોની તેવો વેધક પ્રશ્ન ઉભો થયો છે.

# ખાંભા ખાતે તહેવારોને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ



ખાંભા, તા. ૨૪

ખાંભા તાલુકાના પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં પી.એસ.આઇ એમ. ડી. ગોહિલની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. મોહરમ તેમજ જન્માષ્ટમીના તહેવારોને લઈને મિટિંગનું આયોજન કરાયું હતું. જેમાં હિન્દુ–મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ ગામના સરપંચ તેમજ વેપારીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા. અને તહેવારોમાં શાંતિપૂર્ણ માહોલ બનાવી રાખવા બાંહેધરી આપી હતી. તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવે તેવી પીએસઆઇ એમ.ડી. ગોહિલ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

### મરિન પોલીસનો સપાટો

# જાફરાબાદ : રોહિસા ગામે જુગાર રમતા આઠ પત્તાપ્રેમી ઝડપાયા



અમરેલી, તા. ૨૪

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એ. એમ. દેસાઈની રાહબરી હેઠળ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના રોહીસા ગામેથી જાહેરમાં પૈસા પાના વડે હારજીતનો જુગાર રમતા સાજણભાઈ છગનભાઈ વાઘેલા રહે. રોહીસા વાળા સહિત કુલ–૮ ઈસમોને કુલ રોકડ રૂપીયા ૧૦૨૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી જાફરાબાદ મરીન પોલીસ જુગાર ધારા મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ





અમરેલી, તા. ૨૪

અમરેલી સીટીના પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં સીટી પી.આઈ. ડી. કે. વાઘેલાની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. આગામી મોહરમ તેમજ જન્માષ્ટમીના તહેવારોને લઈને મિટીંગનું આયોજન કરાયું હતું. જેમાં હિન્દુ–મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ ગામના પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ વેપારીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા. અને તહેવારોમાં શાંતિપૂર્ણ માહોલ બનાવી રાખવા બાંહેધરી આપી હતી. તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવે તેવી સીટી પી.આઈ. ડી. કે. વાઘેલા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

# ચલાલા : શિવસાંઈ ગૃપ દ્વારા સમુહ લગનનું આયોજન

ચલાલા, તા. ૨૪

ચલાલા શ્રી દાનમહારાજની પાવન ભુમી ચલાલા સાંઈ મંદિરના સાંનિધ્યમાં ૩૮માં સર્વજ્ઞાતિય સમુહ લગ્ન ટુક સમયમાં આયોજન થશે આ સમુહ લગ્નમાં જોડાનાર દરેક દિકરીઓનાં લગ્ન વિનામૂલ્યે કરી આપીને સાથે દરેક દિકરીઓને કરિયાવર વસ્તુઓ વધુને વધુ મળે એવા સફળ પ્રયત્નો આયોજકો દ્વારા થઈ રહેલ છે. આ સમુહ લગ્નમાં જોડાવા માટે દિકરાની ઉંમર ૨૧ વર્ષ પુરા થતાં દિકરીની ઉંમર ૧૮ વર્ષ પુરા હોય એજ વાલીઓએ સંપર્ક કરવા વિનંતી સમગ્ર લગ્નમાં જોડાવા માટે વર–કન્યાનાં જન્મ તારીખ દાખલો, આધાર કાર્ડ, રેશનીંગ કાર્ડ, ચુંટણી કાર્ડ દરેકની બે–બે ઝેરોક્ષ અને વર કન્યાનાં બે–બે ફોટાઓ લઈને વર–કન્યા તથા તેના વાલીઓએ ફોમ ભરવા માટે રૂબરૂ ચલાલા સાંઈ મંદીરે આવવાનું રહેશે. વધુ વિગત માટે શિવસાંઈ ગ્રૃપ જયમાં મોગલ સેવા ગૃહમાં ૯૪૦૮૨ ૭૮૮૫૩, ૯૦૬૭૧ ૦૨૦૪૪ ઉપર સંપર્ક કરવા ચલાલાની પત્રકાર પ્રકાશભાઈ કારીયા, વિપુલભાઈ કારીયાંની યાદીમાં જણાવેલ છે.

### વડિયા નજીક આવેલ

# બરવાળા બાવળ ગામે અગાઉ કરેલ પોલીસ ફરિયાદનાં મનદુઃખે જીવલેણ હુમલો

**તેજ ગામે રહેતા ૧ ઈસમ સામે નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૨૪

વડિયા તાલુકાનાં બરવાળા બાવળ ગામે રહેતા મથુરભાઈ જસમતભાઈ ડોબરીયા નામનાં ૨૬ વર્ષિય યુવકનાં પિતા જસમતભાઈ તા. ૨૩નાં રોજ રાત્રીનાં ૯ કલાકે બરવાળા બાવળ ગામની બજારમાં ઓટા ઉપર બેઠા હોય. ત્યારે તેજ ગામે રહેતા આરોપી ગટુભાઈ સુરંગભાઈ વાળા પોતાના હાથમાં લોખંડનો પાઈપ લઈ આવી અને જસમતભાઈને કહેલ કે તે અને તારા નાના ભાઈ જયંતિએ મારા નાના ભાઈ દિલુભાઈની વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ આપેલ હોય. જેથી મારો ભાઈ હાલમાં દપાર હોય તેમ કહી જસમતભાઈને ગાળો આપી લોખંડનો પાઈત તેમના માથામાં મારી જીવલેણ હુમલો કરતાં જસમતભાઈ બેભાન થઈ જતાં સુધી માર માર્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.

### જિલ્લા ટ્રાફિક પોલીસ યોગ્ય કરે તેવી માંગ

# સાવરકુંડલા–મહુવા હાઈ–વે માર્ગ પર હેવી વાહનોનાં પાર્કિંગથી અકસ્માતનો ભય

**વાહન ચાલકોએ પણ ગંભીરતા દાખવવી જોઈએ**

સાવરકુંડલા. તા. ૨૪

સાવરકુંડલા,મહુવા રોડ નેશનલ હાઈવે પર ચાલુ વરસાદમાં વાહનો મેઈન હાઈવે પર કાયદાનો ભંગ કરીને રોડ ઉપર જ પાર્ક કરવામાં આવતાં જોવા મળતાં હોવાથી ભયાનક અકસ્માત સર્જાવાની સંભાવનાને નકારી ન શકાય.ગંભીર અકસ્માતોથી બચવા માટે પણ કેટલીક ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવું જરૂરી છે. આમ સરેઆમ જાહેર રોડ પર ઉભેલા વાહનો દ્વારા જો કોઈ ગંભીર અકસ્માત સર્જાશે તો જવાબદાર કોણ? એવો પ્રશ્ન પણ શહેરના બુધ્ધિજીવીમાં ચર્ચાયરહ્યો છે. આમ તો રોડ સેઈટીનું પાલન કરવું એ દરેક વાહન ચાલકોનું કર્તવ્ય છે. અકસ્માત થવાની શકયતાઓ હોય તેવી તમામ બાબતો પર તંત્ર દ્વારા પણ કડક



નજર રાખવી જરૂરી છે. કોઈ ગંભીર અકસ્માત ઘણી વખત બેદરકારી કે ટ્રાફિક નિયમોનાં ચુસ્ત પાલનના અભાવે પણ થતાં હોય છે અને જયારે અકસ્માત થાય ત્યારે ઘણી વખત નિર્દોષ જિંદગીનો ભોગ પણ લેવાતી હોય છે. અને તંત્ર પણ જાગી જતું હોય છે એટલે સાવધાની એ જ ઉપાય. તંત્ર પણ આ સંદર્ભે સતત સતર્ક રહે તે ખૂબ જરૂરી છે.


### વરસાદનાં કારણે વાડીમાં જવાનું મુશ્કેલ હોય

# બાબરાનાં લોન કોટડા ગામે સગર્ભા મહિલાને ૧૦૮ની ટીમે મદદ કરી

**એક કિ.મી. દૂરથી સ્ટ્રેચરમાં મહિલાને એમ્બ્યુલન્સમાં પહોંચાડી**

બાબરા, તા. ૨૪


અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લોન કોટડા ગામમાં મજૂરી કરતા પરપ્રાંતીય પરિવારના કવિતાબેનને પ્રસુતિને અસહ્ય પીડા ઉપડતા તેમના પતિએ ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કોલ કરેલ કોટડાપીઠા ૧૦૮ એમ્બ્યુલન્સ લોન કોટડા ગામ જવા રવાના થઈ હતી. દર્દી વાડી વિસ્તારમાં હતું અને ત્યાં જવા માટે વરસાદના કારણે એમ્બ્યુલન્સ જઈ શકે તેમ નહોતી. ત્યારે ઈએમટી નિલેશ સપારા તથા પાયલોટ ભરત ચૌહાણ જરૂરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને પ્રસુતિનો દુખાવો હતો વરસાદને કારણે નદીમા પુર આવી જવાથી ૧૦૮ ના સ્ટાફે સુજબુજતા પૂર્વક સ્પાઈન ટ્રેચરમા દર્દીને સુવડાવી નદી પાર કરવીને ૧૦૮ મા લઈ ગયેલ હતા. ત્યાર બાદ બાબરા સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હતા અને દર્દીના સગા સંબંધીઓએ ૧૦૮ નાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

કર્મચારીનો આભાર માન્યો હતો તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અમરેલી અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી બદલ કોટડાપિઠા ૧૦૮ નાં સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. આમ ફરી એકવાર ૧૦૮ સેવા આશીર્વાદરૂપ બની.

# અમરેલી ખાતે કોંગ્રેસની રાજીવગાંધી પંચાયતી રાજ સંગઠનની બેઠક યોજાઈ




અમરેલી જિલ્લા કોંગ્રેસ. કાર્યાલય ખાતે ‘રાજીવ ગાંધી પંચાયતી રાજસંગઠન’ ની બેઠક મળી. આ બેઠક મહારાષ્ટ્રનાં પુર્વ સાંસદ એ.આઈ.સી.સી.ના પુર્વ સેક્રેટરી ટેલેન્ટહન્ટ પ્રોગ્રામના ઈનચાર્જ સચીન નાયકજી તેમજ રાજીવગાંધી પંચાયતી રાજ સંગઠનનાં ગુ.પ્રદેશ કન્વીનર રજનીકાંત કર્ડ તેમજ અમરેલી જિલ્લા રાજીવગાંધી પંચાયતી રાજસગઠનનાં પ્રમુખ સંદિપ ધાનાણીની અધ્યક્ષતામાં યોજાઈ, જેમાં સચીન નાયકજી દ્વારા ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસ હમેશા સત્તાનાં વિકેન્દ્રીકરણની હિમાયતી રહી છે. જયારે ભાજપ સત્તાનાં કેન્દ્રીયકરણને પ્રોત્સાહીત આપે છે. ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજની ચુંટણી ઘણા સમયથી સ્થગિત છે. અને તેનું સંચાલન તેમનાં અધિકારીઓને સોંપેલ છે. જયાં તેમની પાસેથી લોકોને કામ લેવું ઘણું મુશ્કેલ બને છે. તેમજ ગુજરાતની અંદર ૨૫ વર્ષથી ભાજપનું શાશન છે. ત્યારે પંચાયતી રાજયની તમામ સત્તાઓ લઈ અને અધિકારીઓને સુપ્રત કરવામાં આવી છે.જેવી કે ગ્રામપંચાયતની અંદર સરપંચની સહિથી પૈસા ઉપડતા હતા તેની અંદર સરપંચની સત્તા કામયુકિ તલાટી મંત્રીનો સમાવેશ કરવામાં આવ્યો. કોંગ્રેસના રાજમાં તાલુકા પંચાયત જી.પંચાયતનાં પ્રમુખઓને અને નગરપાલિકાનાં પ્રમુખનો કર્મચારીનાં બદલીના પાવર હતો. તે પણ પરત લઈ લેવામાં આવ્યો છે. જિલ્લા તાલુકા અને નગરપાલિકા લેવલે જમીનોની બિનખેતીનો પાવર જે તે પંચાયતની કમીટીઓને હતો. તે પાવર સરકારે પદાધીકારી પાસે પરત લઈ લીધેલો છે.તેમજ તાલુકા, જિલ્લા નગરપાલિકાકક્ષાએ બંધકામના ટાઈમ લીમીટના પાવર જેતે પંચાયતોને હતા તેમાથી અમુક કામનાં પાવરો રાજય સરકારે પરત લઈ લીધેલા છે. તેમજ તાલુકા જિલ્લા અને નગરપાલિકાના આયોજન કમિટીની ચુટણીઓ થાય છે. તેમા ધણા પદાધિકારીઓ ચુંટાઈ છે. પરંતુ આ આયોજન કમિટીને માત્ર ચુંટણી પુરતી જ સીમીત રાખેલ છે. કોઈ નાણા પંચ કે ગ્રાન્ટ ફાળવવાનાં પાવર કમીટી પાસે રહેવા દિધેલ નથી. તેમજ સરપંચો, જિ.પં.પ્રમુખ અને ન.પા.પ્રમુખ પાસે બી.પી.એલ. કાર્ડ કાઢવાનાં પાવર જે તે પ્રમુખ અને સમીતીઓને હતા તે પાવર પણ સરકારે પરત લઈ લીધેલા છે. આવા અસંખ્ય પાવરો રાજીવ ગાંધી પંચાયત રાજમાં પંચાયતો તેમજ ચુંટાવેલ પદાધિકારીને આપેલા હતા. તે તમામ પાવારો આજે ગુજરાતની ભાજપ સરકારે છીનવી લીધા હોય ત્યારે રાજીવગાંધી પંચાયતી રાજની અગત્યની બેઠક મળી આ પાવર પરત લેવા કાર્યક્રમ બનાવેલ છે. આ તકે નીવેદ મુજબના આગેવાનો હાજર હતા. જિલ્લા કોંગ્રેસ. પ્રમુખ ડી.કે રૈયાણી પુર્વ ધારા સભ્ય પ્રતાપ દુધાત, ટીકુભાઈ વરૂ, પ્રતાપભાઈ કોઠીવાળ, શરદભાઈ ધાનાણી, અરવિંદભાઈ સીતાપરા, મનિષ ભંડેરી અશોક ચાવડા, મનુભાઈ ડાવર, દડુભાઈ બુટાણી, હાર્દિક કાનાણી, ગોવિંદભાઈ ધાધલ, બહાદુરભાઈ બેરા, વિજય કોગથીયા, હંસાબેન જોષી, રવજીભાઈ મકવાણા, રમેશભાઈ મકવાણા, જયરાજભાઈ જળ, બી.કે.સોળીયા, જગદિશ તળાવિયા, જગદિશ પાનસુરીયા, રાજુભાઈ સોલંકી, અશ્વિન ધામેલીયા, અનકભાઈ બોરીચા, રાજુભાઈ ઠાકોર, હુરખાન પઠાણ, પ્રહલાદ સોલંકી, હિરેન ટીમાણીયા.

## જિલ્લા કલેક્ટર અજય દહિયાએ મામલતદારને કાર્યવાહી કરવા આદેશ કર્યો

# અમરેલી જિલ્લામાં રેશનિંગનાં ઘઉં, ચોખાના કાળાબજાર કરનાર વિરૂધ્ધ ફરિયાદ કરાશે

**અમરેલીનાં સમીર બીલખીયા, ફૈયાઝ રાઠોડ, સાવરકુંડલાનાં નાઝીર અનવર, અમાન ગોગદા, મહમદ જિલાણી સહિત સામે ફરિયાદ થશે**

**બગસરાનાં વસીમ કાળવાતર સહિત તેમને જથ્થો આપનારા અને તેમની પાસેથી ખરીદ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરાશે**

**આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ–૩ અને ૭ મુજબ પોલીસ ફરિયાદો દાખલ કરવા આદેશ થયો**

**કોઈપણ દુકાનદાર આવી હરકત કરશે તો પીબીએમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે**

અમરેલી, તા. ૨૪

અમરેલીનાં કલેકટર અજય દહીયા ધ્વારા અમરેલી જિલ્લાનાં વિસ્તારોમાં રેશનકાર્ડ ધારકોને સબસીડી યુકત વિતરણ કરાયેલ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ના ઘઉં તથા ચોખાની કેટલાક ફેરીયાઓ અને વેપારીઓ ધ્વારા ગામે, ગામે જઈ પ્લાસ્ટીકના વાસણો અથવા રોકડ રકમની લાલચ આપી મેળવી લઈ મુકત બજારમાં ઉંચા ભાવે વેચાણ કરી દેવાની પ્રવૃત્તિ કરનાર અને આ પ્રવૃત્તિને જ પોતાનો વ્યવસાય બનાવી દેનાર ઈસમો તેમજ તેઓને જથ્થો આપનાર અને તેમની પાસેથી ખરીદનાર ઈસમો સામે કડક કાર્યવાહી કરી પોલીસ ફરિયાદો દાખલ કરવા આદેશ કરવામાં આવેલ છે. જેમાં અમરેલી મામલતદારને સમીર આમદ બીલખીયા તથા ફૈયાઝ ફારૂક રાઠોડ સામે, મામલતદાર સાવરકુંડલાને નાઝીર અનવર ગોગદા, અમાન અનવર ગોગદા તથા મહમદ જિલાણી સઈદ અને વનરાજ અશોક માલાણી સામે તેમજ મામલતદાર બગસરાને વસીમ રજાક કાળવાતર સામે તેમજ તેઓને જથ્થો આપનારા અને તેમની પાસેથી જથ્થો ખરીદનારાઓ સામે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ–૩ અને ૭ મુજબ તાત્કાલીક પોલીસ ફરિયાદો દાખલ કરવા આદેશ કરવામાં આવેલ છે. આ તમામ ઈસમો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ના અનાજની ગેરકાયદેસર ખરીદ–વેચાણની પ્રવૃત્તિ કરતા સબંધીત મામલતદાર ધ્વારા અનાજના જથ્થા અને વાહનો સીઝ કરવામાં આવેલ હતા. તેમજ જિલ્લા પુરવઠા અધિકારી વી.એસ. દેસાઈ ધ્વારા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમો સામે ઝુંબેશ સ્વરૂપે કડક કાર્યવાહી કરવાનું ચાલું રાખવામાં આવશે, તેમજ કોઈ વ્યાજબી ભાવના દુકાનદાર આવી પ્રવૃત્તિમાં સંકળાયેલ હોવાનું જણાશે તો તેમની સામે પીબીએમ તળે અટકાયત સહિતની કાર્યવાહી કરવામાં આવશે. જે કોઈ રેશનકાર્ડ ધારકો ધ્વારા તેમને આપવામાં આવતો જથ્થો ફેરીયાઓને વેચી નાખવામાં આવે છે તેઓની ઓળખ કરીને આવા રેશનકાર્ડ રદ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

### સ્વામી વિવેકાનંદ વન અભિયાન હેઠળ

## બાબરામાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ દ્વારા તાલુકા શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**

બાબરા, તા. ૨૪

બાબરામાં સ્વામી વિવેકાનંદ વન અભિયાન અંતર્ગત સ્વામી વિવેકાનંદ રાજય યુવા બોર્ડ દ્વારા જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયાના અધ્યક્ષ સ્થાને અહીં તાલુકા શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્થાનિક શાળાના શિક્ષકો તેમજ ભાજપ અગ્રણીઓના વરદહસ્તે શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા શાળાના આચાર્ય દક્ષાબેન સરવાળીયા, શિક્ષક વિપુલભાઈ ત્રિવેદી, તાલુકા યુવા પ્રમુખ અમરશીભાઈ વાઘેલા, યુવા શહેર પ્રમુખ હરેશભાઈ આખજા, નગરપાલિકા કારોબારી ચેરમેન ભુપતભાઈ બસીયા, સ્વામી વિવેકાનંદ રાજય બોર્ડના બાબરાના


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સંયોજક ગભીરસિંહ સોલંકી, દેવાયતભાઈ ધાંધલ તેમજ નિશાનભાઈ ખાદા, સંજયભાઈ ચાવડા, જયવંતસિંહ ચૌહાણ વગેરે આગેવાનો તેમજ યુવા મિત્રો હાજર રહ્યા હતા.

## બગસરા ખાતે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨૪

જેસિઝગૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૮–૭–૨૦૨૩ને શુક્રવારના રોજ મર્હુમ અબ્બાસભાઈ અલીભાઈ ત્રવાડી, મર્હુમ સરિયાબેન અબ્બાસભાઈ ત્રવાડી, મર્હુમ કેઝારભાઈ અબ્બાસભાઈ ત્રવાડીના સ્મરણાર્થે હાતિમભાઈ, નેશાદભાઈ તથા તાહેરભાઈ ત્રવાડીના સૌજન્યથી ૫૭૭મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા ગૌરાંગભાઈ ચુડાસમા પરિવાર તરફથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૨૮–૭–૨૩ ના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## બાબાપુર : સરંભડા ખાતે અધિક માસની શ્રધ્ધાપૂર્વક ઉજવણી


તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૨૪

સરંભડા મુકામે બહેનોના શ્રી સ્વામીનારાયણ મંદિરના પટાંગણમાં પુરૂષોત્તમ(અધિક)માસ નિમિતે આયોજન કરવામાં આવ્યું છે. ગોપીઓ દ્વારા કૃષ્ણભકિતનો માહોલ છવાયેલો છે તેમજ ગોરમાંનું પૂજન અર્ચન કરવામાં આવેલ છે.

### આગામી મહોરમના તહેવારને અનુલક્ષીને

## બાબરામાં પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ

**રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં આગામી દિવસોમાં મહોરમનો તહેવાર આવતો હોય ત્યારે તાજિયાના ઝુલુસ નીકળતા હોવાથી શાંતિ પૂર્ણ રીતે તહેવારની ઉજવણી થાય તે માટે બાબરામાં પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ એ.એમ. રાધનપરાના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની એક બેઠક યોજાઈ હતી. જેમાં પીએસઆઈ દ્વારા દરેકને શાંતિપૂર્ણ રીતે તહેવારની ઉજવણી કરવા અને જોડાવવા અનુરોધ કર્યો હતો.

મોહરમ તહેવાર અંતર્ગત તાજીયા જુલુસનું આયોજન બાબરા વિસ્તારમાં બાબરા સીટી તેમજ મોટા દેવળીયા તેમજ તાઈવદર ખાતે થનાર છે.

### અમદાવાદથી પરત ફરતાં માર્ગ અકસ્માત થતાં

## સા.કુંડલા પાલિકાનાં કર્તવ્યનિષ્ઠ ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીનું નિધન થતાં શોક

**સદ્‌ગતની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા**

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી તારીખ ૨૧/૭ નાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં હાજરી આપી કારમાં પરત સાવરકુંડલા આવી રહ્યા હતા. ત્યારે બગોદરા અને બાવળા વચ્ચે આગળ જઈ રહેલ ટેન્કર સાથે કારનો ગંભીર અકસ્માત થતા કારમાં આગળની સીટમાં બેઠેલા જયસુખભાઈ નાકરાણીને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેઓને તાત્કાલિક રાજુલા પાલીકાના સ્ટાફ દ્વારા અમદાવાદ ખાતે સારવારમાં માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમની મદદ માટે સતત સાથે રહ્યાં હતાં. બે દિવસની સઘન સારવાર કારગત નહિ થતા ગઈકાલે સાંજે નાકરાણી નિધન પામ્યા છે. જયસુખભાઈ નાકરાણીના દુઃખદ નિધનનાં સમાચાર સાવરકુંડલા શહેરમાં ફરી વળતા શહેરભરમાં શોક વ્યાપી ગયો છે. સ્વર્ગસ્થ નાકરાણી અને મીલનસાર અને પરગજું સ્વભાવના અને હંમેશા અન્યને ઉપયોગી બનવાની ભાવના ધરાવતા હતા. તેઓ પાલીકામાં ભાજપના સદસ્ય તરીકે સતત ત્રીજી વખત ચૂંટાયા હતા અને પાલિકામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા. જયારે અગાઉની ટર્મમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે સફળ સેવા બજાવી હતી. તેઓએ





શહેર ભાજપ મહામંત્રી તરીકે પણ સેવા આપી હતી. તાલુકા યુવક મંડળ ના પ્રમુખ ડાયમંડ માર્કેટના પ્રમુખ, સરદાર પટેલ સોશિયલ ગૃપના ઉપપ્રમુખ, સમર્પણ ગૌશાળામાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા હોય શહેરીજનોમાં આદરભર્યુ સ્થાન ધરાવતા હતા. શહેરની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા અને શહેરીજનોના હર કોઈ પ્રશ્ન માટે અડધી રાતનો હોંકારો હતા. તેઓના દુઃખદ નિધનથી સાવરકુંડલાનાં શહેરીજનોને મોટી ખોટ પડી છે. તેમના નિધનથી શહેરમાં શોક ફેલાય ગયો છે. આજે સવારે શોકમગ્ન વાતાવરણમાં તેમના નિવાસ સ્થળેથી નીકળેલી અંતિમયાત્રામાં તમામ પક્ષના રાજકીય આગેવાનો, સામાજિક સેવાભાવી સંસ્થાના આગેવાનો પાલિકાના સદસ્યો, કર્મચારીઓ સાથે મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા અને મહામૃત્યુંજયનાં જાપ સાથે સ્વ.નાકરાણીને અંતિમ વિદાય આપી હતી. નાકરાણી તેમની પાછળ પુત્ર, પુત્રી, પત્ની સહિત પરીવારજનોને વિલાપ કરતા છોડી ગયા છે.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ

ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ

સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.

સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે

શીંગપાક | ટોપરાપાક | ગુલાબજાંબુ

સ્પે. માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો

બટેટા વેફર્સ | કેળા વેફર્સ

હાજરમાં મળશે

શિવ — નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ જારી

# ચાર જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ, માછીમારોને દરિયો ન ખેડવા સુચના

## ભાવનગર, રાજકોટ, દ્વારકા, વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી, અમદાવાદ અને ગાંધીનગરમાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતા

અમદાવાદ, તા.૨૪

રાજયમાં અનેક જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે તેમજ કેટલાક વિસ્તારોમાં મુશળધાર વરસાદ વરસી ગયો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસમાં અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો તેમજ જૂનાગઢમાં અને નવસારીમાં આભ ફાટ્યું હોવાથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે ત્યારે રાજ્યમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેમાં કચ્છ, ભાવનગર, ભરુચ અમરેલી, બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે જ ચાર જિલ્લાઓમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે જેમા ભાવનગર, રાજકોટ, દ્વારકા અને વલસાડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પણં ભારે વરસાદની આગાહી કરી છે તેમજ આગામી ૨૪ કલાકમાં અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ સિવાય અમદાવાદ અને ગાંધીનગરમાં હળવાથી સામાન્ય વરસાદ થઈ શકે છે. હવામાન ખાતા દ્વારા રાજ્યમાં આગામી ૨૭મી તારીખથી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે તેમજ બે દિવસ બાદ દરિયમાં ડિપ્રેશન સર્જાશે જેના કારણે ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ સિવાય અંબાલાલ પટેલે જણાવ્યુ હતું કે જૂલાઈ બાદ હવે ઓગસ્ટ મહિનામાં પણ અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. આ દરમિયાન સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારમાં મેઘ તાંડવ જોવા મળી શકે છે. ગુજરાતમાં વરસાદના ત્રીજા રાઉન્ડમાં અનેક વિસ્તારોમાં મેઘતાંડવ થયુ છે ત્યારે રાજ્યમાં સીઝનનો અત્યાર સુધીમાં સરેરાશ ૬૯.૯૭ ટકા વરસાદ વરસ્યો છે જેમાં કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૦૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે જ્યારે મધ્ય ઝોનમાં સૌથી ઓછો ૫૩ ટકા વરસાદ વરસ્યો હતો. રાજકોટ જિલ્લાને પાણી પૂરૂ પાડતો ભાદર ડેમ ઓવરફ્લો થયો હતો. ડેમમાંથી પાણી છોડવામાં આવતા ૨૨ ગામોને એલર્ટ કરાયા હતા.

### મસ્કે ટ્વીટર ખરીદ્યા બાદ મોટા બદલાવ જારી

# ટ્વીટરનું નામ બદલીને એક્સ કરવામાં આવ્યું

## હવે પ્લેટફોર્મનું નવું યુઆરએલ પણ બદલીને એક્સ.કોમ કરવામાં આવ્યું, આ ફેરફારો પ્લેટફોર્મ પર લાઈવ થઈ ગયા

વોશિંગ્ટન, તા.૨૪

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટરનું નામ, લોગો અને યુઆરએલબધું જ બદલાઈ ગયું છે. ગયા વર્ષે તેને ખરીદનારા અમેરિકન અબજોપતિ એલન મસ્કે સૌથી મોટા ફેરફાર તરીકે જૂના ટ્વિટરને ખત્મ કરીને નવા એક્સની શરૂઆત કરી છે. હવે ટ્વિટરનું નામ બદલીને એક્સકરવામાં આવ્યું છે અને બ્લુ બર્ડના લોગોની જગ્યાએ એક્સનો લોગો જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં, હવે પ્લેટફોર્મનું નવું યુઆરએલપણ બદલીને એક્સ.કોમ કરવામાં આવ્યું છે. આ ફેરફારો પ્લેટફોર્મ પર લાઈવ થઈ ગયા છે.

ટ્વિટરના સીઈઓ લિન્ડા યકારિનોએ પોતે આ ફેરફારોની જાણકારી આપી છે અને મસ્કના દાવાની પુષ્ટિ કરી છે. એલન મસ્ક પહેલાથી જ સંકેત આપી ચૂક્યા હતા કે તેઓ ટ્વિટરમાં ઘણા ફેરફાર કરીને યુઝર્સને સંપૂર્ણપણે નવો અનુભવ આપશે અને તેમણે ઘણા ફેરફારો પણ કર્યા હતા, પરંતુ હવે તેમના તરફથી સૌથી મોટું પગલું લેવામાં આવ્યું છે. પ્લેટફોર્મને સંપૂર્ણપણે બદલવા પાછળનું કારણ એ છે કે મસ્ક ટ્વિટર નામ સાથે આગળ વધવા નથી માંગતા. આ ફેરફારને લોકોનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે.

મસ્કે ટ્વીટમાં જણાવ્યું હતું કે ટ્વિટરમાં જે ફેરફાર કરવામાં આવી રહ્યા છે તે ધીમે-ધીમે તમામ માર્કેટમાં યુઝર્સને જોવા મળશે અને તેની શરૂઆત કરી દેવામાં આવી છે. ટ્વિટરના ઓફિશિયલ એકાઉન્ટના નામથી લઈને પ્રોફાઈલ ફોટો બદલાઈ ગઈ છે. જો કે તેનું હેન્ડલ હજુ પણ જટ્વીટરછે. આ સિવાય યુઝર્સ જ્યારે એક્સ.કોમની મુલાકાત લે છે ત્યારે તેમને ટ્વિટર પર રીડાયરેક્ટ કરવામાં આવી રહ્યા છે.

એલન મસ્કએ ગયા વર્ષે ટ્વિટર ખરીદ્યા પછી ઘણા મોટા ફેરફારો કર્યા છે અને યુઝર્સને બ્લુ ટિક માટે માસિક સબ્સ્ક્રિપ્શન લેવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. અગાઉ મસ્કે મજાકમાં શિબા ઈનુ ડોગ મીમ, ડોજીકોઈન ક્રિપ્ટો ટોકનના લોગોને ટ્વિટરનો લોગો બનાવ્યો હતો. મસ્ક ટ્વિટર પર દરરોજ આવા ફેરફારો કરી રહ્યા છે, જે હેડલાઈન્સ બનાવે છે.

### ઈસ્કોન બ્રિજ દુર્ઘટનાના મુખ્ય આરોપીના રિમાન્ડ પૂરા

# પોલીસે તથ્યના વધુ રિમાન્ડ ન માગ્યા, પિતા-પુત્રએ જેલમાં જ રહેવું પડશે

## અકસ્માત સમયે તથ્યની જેગુઆર કાર ૧૪૨.૫ કિ.મીની સ્પીડે દોડતી હોવાનો એફએશએલના રિપોર્ટમાં ખુલાસો

અમદાવાદ, તા.૨૪

શહેરમાં ઈસ્કોન બ્રિજ પર જગુઆર કારથી ૯ લોકોને કચડી નાંખનાર આરોપી તથ્ય પટેલના આજે રિમાન્ડ પૂર્ણ થતાં તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

આજે પણ કોર્ટ રૂમ ખીચોખીસ ભરેલો હતો. પોલીસે તથ્યને કોર્ટમાં રજૂ કરીને વધુ રિમાન્ડની માંગ નહોતી કરી. જેથી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. હવે તથ્ય અને તેનો પિતા સાબરમતિ જેલમાં રહશે. તથ્યના વકીલે તેને મળવા માટે સમય માંગ્યો હોવાનું પણ સુત્રો જણાવી રહ્યાં છે.

ઈસ્કોન બ્રિજ પર અકસ્માત વખતે તથ્ય પટેલની કાર ૧૬૦ની સ્પીડે હોવાની તે દરમિયાન વાતો થઈ હતી. તેના વકીલે એ સમયે કહ્યું હતું કે, તથ્યની કારની આટલી બધી સ્પીડ નહોતી પણ ૭૦થી ૮૦ની સ્પીડે દોડતી હતી. પરંતુ એક વીડિયો સામે આવ્યો હતો જેમાં ખુદ તથ્યએ લોકો દ્વારા પુછવામાં આવતાં સવાલોના જવાબમાં કબૂલ્યું હતું કે તેની કારની સ્પીડ ૧૨૦ કિ.મી હતી. આ દરમિયાન એફએસએલના રીપોર્ટમાં તથ્ય અને તેના વકીલે સ્પીડને લઈને આપેલા નિવેદનમાં ધડાકો થયો છે. એફએસએલદ્વારા હાલમાં જે રીપોર્ટ સોંપવામાં આવ્યો છે એમાં એવું કહેવાયું છે કે અકસ્માત થયો ત્યારે તથ્યની જેગુઆર કાર ૧૪૨.૫ કિ.મીની સ્પીડે દોડતી હતી.આ કેસમાં હવે આરટીઓ તથા જેગુઆર કારના મિકેનિકલ એન્જિનિયરનો પણ રિપોર્ટ આવશે. તેમાં પણ કાર કેટલી સ્પીડે દોડતી હતી તે નક્કી થશે.

માલેતુજાર નબીરા તથ્યએ સિંધુભવન રોડ પર થાર કાર એક રેસ્ટોરાંમાં ઘૂસાડી દીધી હતી અને દિવાલને નુકસાન પહોંચાડ્યું હતું. આ કેસમાં જે તે સમયે સમાધાન થયું હતું. આ થાર ગાડી રેસ્ટોરાંમાં ઘૂસી તેનો વીડિયો પણ સામે આવ્યો છે. હવે આ કેસમાં પોલીસે ૨૦ દિવસ પછી ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. જેમાં આ કાર તથ્ય ચલાવતો હતો કે કોઈ અન્ય તેની તપાસ પણ પોલીસ દ્વારા કરાઈ રહી છે.

શહેરના ઈસ્કોન બ્રિજ પર થાર અને ડમ્પર વચ્ચે થયેલા અકસ્માત સમયે ત્યાં ઉભેલા લોકોને જેગુઆર કારથી કચડી નાંખનારા આરોપી તથ્ય પટેલને હવે જેલ હવાલે કરવામાં આવ્યો છે. તેના પિતાને કોર્ટે પહેલાં જ જેલ હવાલે કરી દીધો હતો.

આ કેસમાં કારમાં સવાર એક છોકરો અને ત્રણ છોકરીઓને કોર્ટમાં લાવવામાં આવ્યા હતાં. જેમાં શાન માલવિકા, શ્રેયા, ધ્વનિ અને આર્યનને કોર્ટમાં હાજર કરાયા હતાં. આ તમામની સાથે તેમના વાલીઓ પણ કોર્ટમાં આવ્યા હતાં. આ તમામ લોકોના કોર્ટમાં સાક્ષી તરીકે નિવેદન લેવાયા હતાં.

### આગાહી મુજબ સમગ્ર સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ

# અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો

## ધોધમાર વરસાદ વરસતા રાજુલા શહેરના રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા છે અને મેઘરાજાની તોફાની બેટિંગ સાથે વાતાવરણમાં વિઝિબિલિટી ઘટી

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. રાજુલા સિટી સહિત ડુંગર, માંડળ, કુંભારિયા, દેવકામાં સાર્વત્રિક મેઘ મહેર થઈ છે. છતરીયા, હિંડોરણા, ભેરાઈ, રામપરામાં પણ સારો વરસાદ વરસ્યો છે.

પવનના સુસવાટા અને ગાજવીજ સાથે મેહુલિયો મન મુકીને વરસી રહ્યો છે. ધોધમાર વરસાદ વરસતા રાજુલા શહેરના રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા છે અને મેઘરાજાની તોફાની બેટિંગ સાથે વાતાવરણમાં વિઝિબિલિટી ઘટી છે. હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ થયો છે. ભારે વરસાદને પગલે જ્યાં જુઓ ત્યા પાણી જ પાણી ભરાઈ ગયા છે.

સમઢિયાળા ગામમાં મોડી રાતથી સવાર સુધીમાં ૪ ઈંચ વરસાદ ખાબકી જતા કોઝવે પર ચાર-ચાર ફુટ સુધી પાણી ભરાયા છે. જેના કારણે સમઢિયાળાથી નીલવડા ગામ જવાનો માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી.

પાનસડા ગામની નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. બાબરાની કાળુભાર નદીમાં સતત બીજા દિવસે ઘોડાપૂર આવ્યુ હતુ. પાણીના ધસમસતા પ્રવાહને કારણે કાંઠા વિસ્તારમાં પાર્ક કરેલી લારીઓ તણાઈ ગઈ હતી.

આ તરફ નદીના પાણી બાબરા ગામના મંદિરોમાં પણ ઘુસી ગયા હતા. ભારે વરસાદ અને નદીઓમાં આવેલા ઘોડાપૂરને કારણે રહેણાંક વિસ્તારો જળમગ્ન બન્યા હતા. જેથી જનજીવનને ભારે અસર થઈ છે.

### સાંસદ સભાપતિની ખુરશીની સામે પહોંચી ગયા

# આપના સાંસદ સંજય સિંહને ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરાયા

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહ વિરુદ્ધ સંસદમાં કાર્યવાહી કરવામાં આવી છે. તેમને સંપૂર્ણ ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજ્યસભાના સભાપતિએ તેમની સામે આ કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી દરમિયાન, જ્યારે સાંસદો પ્રશ્નો પૂછી રહ્યા હતા, તે જ સમયે સંજય સિંહ સભાપતિની ખુરશીની સામે પહોંચી ગયા. ત્યાંથી તેઓ બૂમો પાડી રહ્યા હતા. સભાપતિ દ્વારા વારંવાર સંજય સિંહને પોતાની સીટ પર બેસવા કહેવામાં આવ્યું પરંતુ તેઓ આ આદેશનું પાલન ન કર્યું. આ પછી પીયૂષ ગોયલે કહ્યું કે, સરકાર સંજય સિંહ વિરુદ્ધ સસ્પેન્શનનો પ્રસ્તાવ લાવી રહી છે અને તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ. સભાપતિની મંજૂરી બાદ, સંજય સિંહને સમગ્ર ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ હતી. સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, મણિપુર પર વડા પ્રધાનના નિવેદનની માગણી સાથે રાજ્યસભા અને લોકસભા બંનેમાં વિપક્ષી સાંસદો દ્વારા સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા હતા. વિપક્ષો દ્વારા બંને ગૃહમાં સરકારને ઘેરી લીધી હતી.

### પંજાબ કૉંગ્રેસની અંદર આમ આદમી પાર્ટીનો વિરોધ

# દિલ્હી વટહુકમ પર આપને નવજોત સિધ્ધુનું સમર્થન

## આ દેશની લોકતાંત્રિક શક્તિને રાજ્યપાલ અને એલજીની ગુલામીમાં રાખી શકાય નહીં : નવજોતસિંહ સિધ્ધૂ

ચંડીગઢ, તા.૨૪

વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાનો એક ભાગ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બધુ બરાબર છે એવા દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે પંજાબ કોંગ્રેસની અંદર આમ આદમી પાર્ટીનો ખુલ્લેઆમ વિરોધ કરવામાં આવી રહ્યો છે. સ્થિતિ એવી છે કે આમ આદમી પાર્ટીથી અંતર રાખવા માટે પંજાબ કોંગ્રેસના નેતાઓ હાઈકમાન્ડ પર દબાણ લાવવા દિલ્હી પહોંચી રહ્યા છે.

જોકે, આવા વિરોધ વચ્ચે આમ આદમી પાર્ટીને દિલ્હી અધ્યાદેશ પર કોંગ્રેસના અમુક નેતાઓનું સમર્થન પણ મળી રહ્યું છે. હવે નવજોત સિંહ સિદ્ધુએ પણ કેજરીવાલને સમર્થન આપવાની વાત કરી છે. સંસદના ચોમાસુ સત્રની વચ્ચે આમ આદમી પાર્ટીને દિલ્હી વટહુકમ પર કોંગ્રેસની સૌથી વધુ જરૂર છે. જો કે, જરૂરિયાત મુજબ કોંગ્રેસ પણ આમ આદમી પાર્ટીને સમર્થન આપી રહી છે.

હવે નવજોત સિંહ સિદ્ધુએ પણ દિલ્હી અધ્યાદેશ પર અરવિંદ કેજરીવાલનું સમર્થન કર્યું છે. સિદ્ધુએ રવિવારે કહ્યું હતું કે, 'આ દેશની લોકતાંત્રિક શક્તિને રાજ્યપાલ અને એલજીની ગુલામીમાં ન રાખી શકાય. એલજી કોઈપણ ચૂંટાયેલી સરકારને સૂચના આપી શકે નહીં. નોંધનીય છે કે બેંગલુરુ બેઠક પહેલા પણ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ટક્કર થઈ હતી. આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ પર દિલ્હી વટહુકમને સમર્થન આપવા માટે ભારે દબાણ કર્યું હતું. આખરે કોંગ્રેસ ઢીલી પડી હતી અને દિલ્હી વટહુકમને સમર્થન આપવા માટે તૈયાર થઈ હતી. આમ આદમી પાર્ટીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે જો કોંગ્રેસ સમર્થન નહીં આપે તો પાર્ટી બેંગલુરુની બેઠકમાં ભાગ નહીં લે. જોકે, બાદમાં બંને વચ્ચે સમજૂતી થઈ હતી અને આપે બેંગલુરુ બેઠકમાં ભાગ લીધો હતો. જોકે, કોંગ્રેસ-આપની કિટ્ટા-બુચ્ચા જેવી રમત કેટલી ચાલશે એ તો સમય જ કહેશે.

### રાજકોટને નવી ભેટ મળશે

# ૨૭ જુલાઈએ પીએમ મોદી ગ્રીન ફીલ્ડ એરપોર્ટનું લોકાર્પણ કરશે

## આ માટે હાલ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમજ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે

રાજકોટ, તા.૨૪

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. રાજકોટથી આશરે ૩૦ કિલોમીટર દૂર, નેશનલ હાઈવે નં-૨૭ નજીક હિરાસર ગામ પાસે ?૧૪૦૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય ગ્રીનફીલ્ડ એરપોર્ટનું નિર્માણ થયું છે.

સમગ્ર એરપોર્ટ સંકુલ ૧૦૨૫.૫૦ હેક્ટર (૨૫૩૪ એકર)માં ફેલાયેલું છે, જેમાં ૧૫૦૦ એકરમાં એરપોર્ટ ઑથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ એરપોર્ટ ૩૦૪૦ મીટર (૩.૦૪ કિમી) લાંબો અને ૪૫ મીટર પહોળો રન-વે ધરાવે છે, જેના પર એકસાથે ૧૪ વિમાનો પાર્ક થઈ શકશે. ૫૦,૮૦૦ ચોરસ મીટરમાં એપ્રન બેય્ઝ બનાવવામાં આવ્યો છે. ૨૩ હજાર ચોરસ મીટરમાં પેસેન્જર ટર્મિનલ બનાવવામાં આવ્યું છે. આ ટર્મિનલ પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરી શકાશે.

આ નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પરથી 'C'- ટાઈપ પ્લેન પણ ઓપરેટ કરી શકાશે, અને ભવિષ્યમાં 'E'- ટાઈપ પ્લેન માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આનાથી રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકો એરબસ એ-૩૮૦, બોઈંગ ૭૪૭ અને બોઈંગ ૭૭૭ જેવા મોટા કદના વિમાનોની સેવાઓ મેળવી શકશે.

એરપોર્ટ પર સોલાર પાવર સિસ્ટમ, ગ્રીન બેલ્ટ તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. આ એરપોર્ટ પર પેરેલલ હાફ ટેક્સી-વે, રેપિડ એક્ઝિટ ટેક્સી ટ્રેક, ઈન્ટરિમ ટર્મિનલ બિલ્ડિંગ, કાર્ગો અને એમઆરઓ /હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થશે.


ગ્રીનફિલ્ડ એરપોર્ટને તાજેતરમાં ઈન્ટરનેશનલ એરોનોટિકલ ઈન્ફોર્મેશન પબ્લિકેશન (A.I.P) ટેગ આપવામાં આવ્યું છે. આ ટેગ એરક્રાફ્ટના સંચાલન માટે ખૂબ મહત્વનો ગણાય છે.

આ એરપોર્ટ વિશિષ્ટ સુવિધાઓથી સજ્જ હશે, જેમાં ચાર પેસેન્જર બોર્ડિંગ બ્રિજ, ત્રણ કન્વેયર બેલ્ટ અને ૮ ચેક-ઈન કાઉન્ટર્સ (ભવિષ્યમાં બીજા ૧૨ ચેક-ઈન કાઉન્ટર્સ બનાવવામાં આવશે) નો સમાવેશ થાય છે. આ સાથે જ, આ એરપોર્ટ અદ્યતન ફાયર ફાઈટિંગ અને ફાયર એલાર્મ સિસ્ટમથી સજ્જ હશે. એર ટ્રાફિક કંટ્રોલર (A.T.C), ઈન્ટરિમ ટર્મિનલ બિલ્ડિંગ અને ફાયર સ્ટેશન ઉપરાંત ૫૨૪ એકરમાં ફેલાયેલા સિટી સાઈડ એરિયામાં લેન્ડસ્કેપિંગ, કાર, ટેક્સી અને બસ પાર્કિંગની સુવિધાઓ બનાવવામાં આવી છે.

એરપોર્ટની ગેલેરી ગુજરાતના સમૃદ્ધ વારસા અને પરંપરાઓની ઝલક પૂરી પાડે છે. આ ગેલેરી રણજીત વિલાસ પેલેસ, દાંડિયા અને રાજયના લોકનૃત્યોની કલાથી શણગારવામાં આવી છે.

ગ્રીનફિલ્ડ એરપોર્ટ્સ એટલે એવા એરપોર્ટ્સ જે શૂન્યમાંથી સર્જિત થયા હોય એટલે કે ગ્રાઉન્ડ ઝીરોમાંથી બનાવવામાં આવ્યા હોય. વિકાસ પ્રક્રિયાના ભાગ રૂપે, ગ્રીનફિલ્ડ એરપોર્ટ્સ ઘણીવાર પર્યાવરણીય બાબતોને ધ્યાનમાં લે છે અને આસપાસના વાતાવરણ પર તેમની અસર ઘટાડવાનો પ્રયાસ કરે છે.

# સા.કુંડલાનાં વીજપડી ગામથી રેલ્વે સ્ટેશન સુધીનો માર્ગ બિસ્માર હાલતમાં






સાવરકુંડલા તાલુકાના વિજપડી થઈ રાજુલા, જાફરાબાદ, પોર્ટ પીપાવાવ તેમજ અન્ય ગામોમાં જોડાતો રસ્તો છેલ્લા કેટલાક સમયથી એટલી હદે ખરાબ છે ન પુછો વાત. આ રસ્તા પર કેટલાંય લોકો દરરોજ માટે આવજાવ કરતા હોય છે. વિજપડી ગામમાં અવાર નવાર રાજકીય નેતાઓ અને અધિકારીઓ આ રસ્તા પર ચાલતા હોય પણ ક્યાંકને ક્યાંક વિકાસ રૂંધાય રહ્યો હોય તેવું લાગે છે. રેલવે સ્ટેશનથી વિજપડી બસસ્ટેન્ડ સુધી રાજયના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રસ્તો તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. એવું અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# અમરેલી : વિદ્યાસભા એસ.એચ. ગજેરા પરિસરમાં એન.સી.સી. ગર્લ્સ કેમ્પ યોજાયો








અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત, વિદ્યાસભા કેમ્પસમાં અમરેલી તથા ભાવનગર જિલ્લાની કોલેજ ગર્લ્સ–એન.સી.સી. કેમ્પની ટ્રેનીંગનું વિદ્યાસભાનાં આંગણે ૧૦ દિવસનો એક એવા બે કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં ૭૦૦ જેટલા એન.સી.સી. બહેનો કેડેટસને અદ્યતન સુવિધાઓ અને વિશાળ પ્લેગ્રાઉન્ડમાં ટ્રેનિંગ કેમ્પનું સુંદર આયોજન થયું. કેડેટસ ભાગ લઈ પોતાના કૌશલ્ય, આવડત અને શારીરિક, માનસિક ક્ષમતાનો પરિચય કરાવ્યો હતો. તેઓ દોડ, શુટીંગ, ખો–ખો જેવી અનેક રમતો અને વિવિધ અંગ કસરતો દ્વારા શિસ્ત, ખેલદિલી રાષ્ટ્રભાવના, એકતા અને સમૂહભાવનાનાં ગુણો ખીલે તે માટેનું પ્લેટફોર્મ પુરું પાડવામાં વિદ્યાસભા સંસ્થા, અમરેલી હંમેશા અગ્રેસર રહે છે. સંસ્થાનાં વિશાળ મેદાનો તથા અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટકચર અને અનેક સુવિધાઓને લીધે વિદ્યાર્થીઓને પ્રેકટીસ માટે સુંદર પ્લેટફોર્મ મળે છે. એન.સી.સી. નાં ગર્લ્સ કેડેટસ તથા સ્ટાફગણ સંસ્થાની વ્યવસ્તા, નિવાસ, ભોજન વગેરેથી ખુબ પ્રભાવિત થયા હતા. આવી સારી કેમ્પ માટે સુવિધાઓ આપવા બદલ એન.સી.સી. કેડેટસનાં ઉપરી અધિકારીનો આભાર વ્યકત કરેલ હતો. આ સંસ્થામાં આવી વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક રીતે મજબૂત બની રાષ્ટ્રનાં વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવા શુભ હેતુ પાઠવેલ છે. આવું આયોજન કરવા બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ ટ્રસ્ટીઓ, ડાયરેકટર પેથાણી, કો–ઓર્ડિનેટરો, પ્રિન્સીપાલો તથા વ્યવસ્થામાં જોડાયેલ તમામ સ્ટાફગણને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આવા કાર્યક્રમથી અન્ય વિદ્યાર્થીઓ પ્રેરણા લઈ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ પોતાની પ્રતિભા બતાવે તેવી હૃદયથી શુભકામના વ્યકત કરી હતી.

### રાજયપાલ અને મુખ્યમંત્રીએ વોટર કોન્ફરન્સ તળાવનું કર્યુ લોકાર્પણ

## લાઠી : ગાગડિયો નદી પર લોકભાગીદારીથી રૂપિયા ૨૦ કરોડનાં ખર્ચે નદીને ઉંડી અને પહોળી કરાશે

### નાયબ દંડક સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા.૨૪

રાજયમાં જળ સિંચન દ્વારા સર્વાંગી વિકાસ કરવાની નેમ સોથ નદી, તળાવ અને ચેકડેમને ઉંડા–પહોળા કરવાની તેમજ તેની સાફસફાઈ અને જાળવણી કરવામાં આવે છે.

જેનાં ભાગરૂપે લાઠી તાલુકામાં ગુજરાત રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનની ૫૦:૫૦ ટકા ભાગીદારીથી ૨૮ કિમી લાંબી ગાગડિયો નદીને ઉંડી એન પહોળી કરવાનું કાર્ય રૂા.૨,૦૦૦ લાખના ખર્ચે કરવાં આવી રહયું છે. ગાગડીયો નદી પર રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે 'યુએન વોટર કોન્ફરન્સ તળાવ'નું લોકાપર્ણ કર્યુ હતું. રાજયપાલ અને મુખ્યમંત્રીએ આ તકે જળસિંચનની ક્ષમતા અને આ નદીની અગાઉની સ્થિતિ વિશે વિગતો મેળવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક અને અમરેલી વડીયા–કુંકાવાવ વિસ્તારનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધોળકીયા ફાઉન્ડેશનના સ્થાપક સવજીભાઈ ધોળકીયા, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા તેમજ જિલ્લા વહીવટીતંત્રનાં ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ સહિતના ઉપસ્થિત રહયા હતા.




## જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૨૭ જુલાઈએ ભરતી મેળો

અમરેલી તા. ૨૪

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત રીતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

જિલ્લા રોજગાર કચેરી અને કે.કે.પારેખ કોમર્સ કોલેજ અમરેલીના સંયુકત ઉપક્રમે ટાટા કન્સલટન્સી સર્વિસ, ગાંધીનગર એકમ માટે બી.પી.એસ (ટ્રેઈની) જગ્યા માટે ૧૮ થી ૨૦ વર્ષની વયમર્યાદા તેમજ વર્ષ ૨૦૨૨–૨૦૨૩માં બી.કોમ. /બી.એ. /બી.બી.એ./બી.એસ.સી. પાસ થયા હોય તેવા (જનરલ) ઉમેદવારોએ અરજી કરવી. આ રોજગાર ભરતીમેળો અનુબંધમ વેબ પોર્ટના માધ્યમથી આગામી તા.૨૭ જુલાઈ, ૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાશે. રોજગાર ઈચ્છુક ઉમેદવારોએ કે.કે.પારેખ કોમર્સ કોલેજ, લાઠી રોડ, અમરેલી ખાતે ઉપસ્થિત રહેવું. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan.gujarat.gov.in/account/singup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## જાફરાબાદ : મુસ્લિમ સમાજ દ્વારા મહોરમની ઉજવણી




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદ મુસ્લિમ સમાજ દ્વારા મોહરમની દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરા મુજબ ડુલ ડુલ ઈસ્લામી સાંજના દરિયાનું પાણીથી પગ ધોવડાવવામાં આવે છે ને હિન્દુ મુસ્લિમ બહેનો દ્વારા આસ્થાનું કેન્દ્ર અને માનતા મહિલાઓ દ્વારા શરબત, નાળિયેર વધાવવામાં આવે છે.

આ પરંપરા મુસ્લિમ સમાજની વર્ષોથી ચાલે છે. આમલી પેઢા થી મેઈન બજાર બંદર ચોક રમતા રમતા આવે છે. તેમાં હિન્દુ–મુસ્લિમ સમાજના આગેવાનો, વેપારી ભાઈઓ હાજર રહે છે.

તહેવારને અનુલક્ષીને શાંતિ ભાઈચારો જોવા મળે છે. મુસ્લિમ સમાજ ઉલ્લાસ ઉત્સાહથી બાળકોને વડીલો સાથે ઉજવવામાં આવે છે. જેમાં ટાઉનના પી.આઈ. દેસાઈની સાથે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવે છે તથા જવાનો ખડે પગે હાજર રહે છે.

### ધારી, ચલાલા અને સા.કુંડલાને પ્રતિનિધિત્વ મળ્યું

## અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં સંગઠનમાં રઘુવંશી વેપારીઓનો સમાવેશ થયો

### તમામ વેપારી વર્ગમાંથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે





સાવરકુંડલા, તા. ૨૪

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ સંસ્થામાં રઘુવંશીઓનો દબદબો. સાવરકુંડલાના રાજુભાઈ શીંગાળા, ધારીના મુકેશભાઈ રૂપારેલીયા તથા ચલાલાનાં પ્રકાશભાઈ કારીયાની માનભર્યા હોદ્દાએ વરણી થતાં અમરેલી જિલ્લાના રઘુવંશી સમાજમાં ખુશીની લહેર વ્યાપેલી જોવા મળે છે. આમ પણ રઘુવંશી સમાજના લોહીમાં જ વ્યવસાય હોય છે અને મોટેભાગે જયાં જયાં નજર પડે રઘુવંશીઓ તમામ ક્ષેત્રના વ્યવસાય સાથે સંકળાયેલા જોવા મળે છે. આમ વેપારી વર્ગમાં પણ રઘુવંશીઓ હમેશાં મહત્વનું સ્થાન ધરાવે છે. વાત કરીએ ધારીના વેપારી સમાજના અગ્રણી મુકેશભાઈ રૂપારેલીયાની તો ખૂબ જ મિલનસાર અને વેપારને લગતાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સતત પ્રતિબધ્ધતા દર્શાવતાં જોવા મળે છે. હાલ અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ તરીકે આરૂઢ છે. તો સાવરકુંડલા લોહાણા સમાજના અગ્રણી રાજુભાઈ શીંગાળા પણ વેપારી સમાજમાં આગવું સ્થાન ધરાવે છે અને વેપાર ક્ષેત્રે આવતી સમસ્યાઓના સમાધાન માટે અધિકારીઓ સાથે ચર્ચા કરીને રચનાત્મક ઉકેલ લાવવા સતત પ્રયત્નશીલ રહે. હાલ તેઓ અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી તરીકે આરૂઢ થયા છે. તો ચલાલા લોહાણા મહાજન અગ્રણી અને પત્રકાર જગતમાં ચલાલાના રાજકીય, સામાજિક અને લોકપ્રશ્નોને અખબારી માધ્યમ દ્વારા વાચા આપીને ચલાલા ખાતે મોભાભરી ઓળખ પ્રસ્થાપિત કરી છે. હાલ તેઓ અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી તરીકે આરૂઢ થયા છે. આમ સાવરકુંડલા, ધારી, ચલાલા જેવા અમરેલી જિલ્લાનાં મહત્વના શહેરોમાં રહીને વેપારી સમાજના પ્રશ્નો ઉકેલવા સતત પ્રયત્નશીલ રહે છે. સમગ્ર અમરેલી જિલ્લાના વેપારી સમાજ માટે અડધી રાતનો હોંકારો એવી આ રઘુવંશી ત્રિપુટી વેપારી સમાજ સિવાય પણ ગરીબ અને શોષિત વર્ગના પ્રશ્નોનું પણ નિરાકરણ લાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આમ અમરેલી જિલ્લાના વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે અવનવા પ્રોજેકટ લાવવા માટે સતત પ્રયત્નશીલ રહે તેવી વેપારી સમાજ આશા રાખી રહ્યો છે. ઈશ્વર એમને આવા સત્કાર્યોમાં સહાય કરે એવી શુભેચ્છાઓ પણ ઠેર ઠેરથી વેપારી આલમ દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે.

# સુરત ખાતે સાવરકુંડલાનાં વતનપ્રેમીઓ દ્વારા 'વતનનું જતન' કાર્યક્રમ યોજાયો






સુરત : ગુજરાત વિધાનસભાની ગત ચુંટણીમાં ૯૭–સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાંથી ચુંટાયેલા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાનો વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ –૧૨૨ ગામોનાં સુરત સ્થિત નાગરિકો દ્વારા એક આગવા અને વિશિષ્ટ શુભમિલન કાર્યક્રમ 'વતન નું જતન''નું આયોજન હેપીનેસ બેંકવેટ હોલ, હેવન પાર્ટી પ્લોટ સુરત ખાતે રાખવામાં આવેલ. આ કાર્યક્રમ સાંસદ નારણભાઈ કાછડીયાનાં મુખ્ય મહેમાનપદે રાખવામાં આવેલ. જેમાં સાવરકુંડલા–લીલીયા તાલુકાનાં ૧૨૨ ગામોમાંથી સુરત રહેતા વતન પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા વિશાળ હોલ ભરાઈ ગયેલ અને નાનો પડેલ. આ 'વતન નું જતન' એવા વિશિષ્ટ મિલન કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયા ઉપરાંત રાજયકક્ષાનાં શિક્ષણમંત્રી અને સુરતનાં ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયા, ડાયમંડ એસોસીએશનના પ્રમુખ મનુભાઈ વેકરીયા, સાવરકુંડલા એ.પી.એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણી, ગાધકડા ગામનાં વતની અગ્રણી નાનુભાઈ સાવલીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલભાઈ દુધાત, બાંધકામ સમિતિનાં ચેરમેન પુનાભાઈ ગજેરા, જિલ્લા પંચાયત સદસ્ય રાણાભાઈ રાદડીયા, તાલુકા પંચાયત અગ્રણી લલીતભાઈ બાળધા, યુવા અગ્રણી સંજયભાઈ બરવાળીયા પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની સાથે ઉપસ્થિત રહેલ. 'વતનનું જતન' કાર્યક્રમની શરૂઆતમાં આ સમગ્ર કાર્યક્રમનાં સૌજન્ય અને આયોજક અરીહંત જવેલર્સ વાળા પ્રતાપભાઈ ચોડવડીયા (જીરાવાળા) અને વિશાલભાઈ પી.ખાત્રાણી (મેરીયાણા વાળા) એ મહેમાનોને આવકારેલ અને સુરત સ્થિત સંગઠનનાં અગ્રણી હરેશભાઈ કાછડીયાએ સ્વાગત કરેલ. આ કાર્યક્રમનાં વિશાળ ઓડીયન્સને સંબોધતા શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ચુંટાયેલા લોકપ્રતિનીધી તરીકે મહેશભાઈ કસવાળ ાની કામગીરી અને તેનામાં રહેલ શકિતઓ ખાસ ઉલ્લેખ કીર તેમની કામગીરીને બિરદાવેલ અને પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ૯ વર્ષ દરમ્યાન ચંદ્રયાન–૩, કોરોનાં રસીકરણ, આયુષ્યમાન ભારત, સર્જીકલ સ્ટ્રાઈક જેવી સિધ્ધીઓ અને આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની ઉભી થયેલ નોંધનીય છબી બાબતે ઉલ્લેખ કરેલ. ત્યારબાદ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પોતાની આગવી વાકછટાથી સમગ્ર ઓડીયન્સને મંત્રમુગ્ધ કરી દીધેલ છે. અને જનપ્રતિનીધી તરીકેના છ મહીનાનાં ટુંકા ગાળામાં કરેલ કામોનો વિશાળ રીપોર્ટ રજુ કરેલ. જેમાં નાવલી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ માટે રૂા.૨૮ કરોડ મંજુર કરાવેલ. સ્પોર્ટસ સંકુલ, સાવરકુંડલા બાયપાસ રોડ, જી.આઈ.ડી.સી. દબાણો હટાવી રસ્તા ખુલ્લા કરાવ્યા. સાવરકુંડલા શહેરનાં અશાંતધારાનો અમલ વિ વર્ણવી વિધાનસભા વિસ્તારનાં તમામ ગામો અને શહેર માટે વિકાસ માટે આગામી ૨૦ વર્ષનાં ડેવલોપમેન્ટના વિઝન સાથે કામગીરી કરવાની નેમ છે. તેવું વિસ્તૃત રીતે જણાવેલ. મુખ્ય મહેમાન પદેથી ૧૦૮ તુલ્ય સક્રિય સાંસદ નારણભાઈ કાછડીયાએ તેમનાં સંબોધનમાં સાંસદ તરીકે કરેલ કામગીરી અને રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને તેનાંથી લાભાર્થીઓને મળેલ ફળ બાબતેની વિસ્તૃત માહીતી આપી.

### અભિયાન એજ્યુકેશન ટ્રસ્ટે કરી માંગ

# અમરેલીનાં બહારપરાની પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક બસ સેવા શરૂ કરો

## જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા.૨૪

અમરેલીનાં અભિયાન એજ્યુકેશન ચેરિ.ટ્રસ્ટ દ્વારા જિલ્લા કલેકટરને પત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,અમરેલી શહેરનાં બહારપરા કુમાર / કન્યા શાળામાં છેલ્લા બે વર્ષથી પછાત વિસ્તારનાં બાળકોને મળતી સ્કુલ બસની સુવિધા અચાનક બંધ કરી દિધેલ હોય, આર.ટી.ઈ. એકટ–૨૦૦૯ નીચે રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાત આર.ટી.ઈ. રૂલ્સ–૨૦૧૨ ના નિયમ–૫ માં બાળકોને મફત પરિવહન સુવિધાઓ પુરી પાડવા અંગે રાજય સરકાર દ્વારા શાળામાં ટ્રાન્સપોર્ટશનની સુવિધા નવા શૈક્ષણિક સત્રનાં પ્રથમ દિવસથી જ ચાલુ કરવા, પ્રથમ દિવસથી જ બાળકોને મળે તેવી જોગવાઈ રાજય સરકારની હોય પરંતુ છેલ્લા બે વર્ષથી ગરીબ, પછાત, દલિત, લઘુમતી વિગેરે જેવા પછાત બાળકોને મળતી સ્કુલ બસની સુવિદ્યા બંધ કરી દિધેલ હોય પુનઃ ચાલુ કરવા માંગ છે. બહારપરા કુમાર / કન્યા શાળામાં આવતા નાના–નાના ભુલકાઓ બાયપાસ વિસ્તાર વાડી વિસ્તાર, રેલ્વે ફાટક ક્રોર્ષ કરી દુરથી આવતાં હોય આવા સમયે આ બાળકનું આકસ્માત કે અપહરણ કે કોઈ અચ્છિનિય બનાવ બને તો તેના માટે જવાબદાર કોણ ?

છેલ્લા પાંચ વર્ષથી ચાલતી સ્કુલ બસ સેવા તાત્કાલિક ચાલુ થાય તેવી માંગ અંતમાં કરેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું રાજકોટ જેલમાં હત્યાનાં ગુન્હામાં

મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા હોય અને ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે કેદીને વચગાળાનાં જામીન રજા પર દિન–૩ માટે મુકત કરવા હુકમ થતાં કેદી તા.૧/૭ ના રોજ મુકત થયેલ અને મજકુર કેદી તા.૫/૭/૨૩ ના રોજ ફરાર થયેલ, જે કામે કેદી આજદિન સુધી ફરાર હતો.

જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા પેરોલ ફરાર કેદીઓ તથા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે રાજકોટ મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદીને અમરેલી તાલુકાના ચીતલ–જશવંતગઢ ગામેથી તા.૨૩/૭/૨૩ ના રોજ પકડી પાડી બાકી રહેતી સજા ભોગવવા સારૂ રાજકોટ મધ્યસ્થ જેલને સોંપવા તજવીજ કરેલ હતી.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાને એસ.ટી. વિભાગ દ્વારા

માટે ટ્રેન કનેકશનની કોઈ જ સવલત નથી. જેથી મોટુ ભાડુ ખર્ચી રીક્ષા કે ખાનગી વાહન ધ્વારા મોટી લૂંટનો ભોગ બનવુ પડે છે. તેમાં પણ વધુ સામાન કે પરિવાર સાથે ઠંડી કે વરસાદમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી અમરેલીથી લીલીયા સ્ટેશન જવા રાત્રે ૮–૧૫ વાગે અને લીલીયા સ્ટેશનથી અમરેલી માટે સવારે ૩–૩૦ થી ૪ વાગ્યે ટ્રેન કનેકશનની બસ સુવિધા આપવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલીથી મુંબઈ જવા ૧૦ થી ૧૨ ખાનગી બસો ચીકકાર રીતે ભરાઈને ઉપડે છે. જે સીઝન મુજબ રૂા. ૧૨૦૦ થી રૂા. ૨૦૦૦નું પ્રવાસી દીઠ ભાડુ વસુલે છે. અગાઉ અમરેલીથી મુંબઈ માટે જતી એસ.ટી. બસ ખૂબ જ સફળ હતી. જેમાં કેટલાક કારણોસર તબકકાવાર આ બસ બંધ કરી દેવામાં આવેલ છે. જેથી ખાનગી બસોની દાદાગીરી તથા શોષણનો ભોગ સામાન્ય જનતાને બનવું પડેલ છે. તો તાત્કાલીક બપોરનાં ૧ વાગ્યા આસપાસ સ્લીપીંગ બસ અમરેલીથી મુંબઈ શરૂ કરવી જેથી જનતાને વધુ સસ્તે, સલામત અને સુંદર સેવા મળી રહે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાતના તમામ તીર્થ સ્થાનોને જિલ્લાના મુખ્ય મથકથી જોડવા અનેક તીર્થ બસ શરૂ થયેલ છે. જેમાં અમરી સાવ બાકાત રહેલ છે. અમરેલી વૈષ્ણવોનું મોટુ મથક છે જેથી અમરેલીથી શ્રીનાથજી સ્લીપીંગ બસ શરૂ કરવાથી યાત્રાળુઓને મોટો લાભ મળશે.

આ ઉપરાંત અજમેર અને પુષ્કર જવા માંગતા લોકોને પણ ખૂબ જ લાભ મળશે. આમ મોટી આવક ધરાવનાર આસ્થાના પ્રતિક જેવી અમરેલી–શ્રીનાથજી બસ સત્વરે શરૂ કરવા અંતમાં માંગ કરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૧ | ૧૪૬૯ |
| ૨ | મગફળી | ૧૪૩૦ | ૧૬૦૦ |
| ૩ | ચણા | ૯૦૨ | ૯૪૮ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૨૭ |
| ૨ | ઘઉં | ૪૨૧ | ૪૨૧ |
| ૩ | ચણા | ૮૨૬ | ૯૨૨ |
| ૪ | સફેદ ચણા | ૯૫૫ | ૧૨૦૫ |
| ૫ | છોલે ચણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | ધાણા | ૧૨૫૦ | ૧૩૮૧ |
| ૭ | તલ | ૩૨૦૦ | ૩૫૩૫ |
| ૮ | શીંગ દાણા | ૧૭૫૫ | ૧૯૦૦ |
| ૯ | મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૦ | એરંડા | ૧૨૧૩ | ૧૨૧૩ |
| ૧૧ | તુવેર | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૧૨ | સોયાબીન | ૮૯૨ | ૯૦૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૯૦ | ૧૭૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૯૦ | ૧૮૧૨ |
| ૩ | શિંગદાણા | ૧૬૩૦ | ૨૩૨૫ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૦૦ | ૨૦૮૫ |
| ૫ | તલ સફેદ | ૨૨૪૦ | ૩૬૬૦ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૩૩૩૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૯૫ | ૩૩૬૧ |
| ૮ | બાજરો | ૩૩૩ | ૪૪૨ |
| ૯ | જુવાર | ૬૨૫ | ૯૭૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૫૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૦૩ |
| ૧૨ | ચણા | ૬૨૦ | ૯૯૩ |
| ૧૩ | કપાસ | ૯૯૫ | ૧૪૪૬ |
| ૧૪ | એરંડા | ૧૦૦૦ | ૧૨૪૨ |
| ૧૫ | જીરૂ | ૯૩૫૦ | ૧૨૩૦૦ |
| ૧૬ | ધાણા | ૭૯૦ | ૧૬૪૦ |
| ૧૭ | મેથી | ૬૨૦ | ૧૩૧૦ |
| ૧૮ | સોયાબીન | ૭૫૮ | ૯૩૯ |

# ચલાલા : હરિબા મહિલા કોલેજ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજવામાં આવી



ચલાલા, તા. ૨૪

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ–ચલાલા સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે વિદ્યાર્થીની અંદર છુપાયેલી કલાને બહાર લાવવા માટે વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમાં નંબર આવેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના વડા રતિદાદા એ આશીર્વાદ પાઠવ્યા હતા. અને ડાયરેકટર મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી કાર્યક્રમને ખુબ સુંદર બનાવ્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### સાવરકુંડલાનાં હાથસણી ગામે

નિશાનો પણ ઘટના સ્થળ નજીક જોવા મળ્યા હતા. ત્યારે હજુ ત્રણેક દિવસ પહેલા રાજુલાના ઉચૈયામાં રેલ્વે ટ્રેકમાં ચાર સિંહો આવી ગયા બાદ એક સિંહ કપાઈ જવાની અને એક સિંહને પગ અને પૂછડું કપાઈ જવાની ગંભીર દુર્ઘટના ઘટી હતી. ત્યારે સિંહોની સુરક્ષા પાછળ સરકાર કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે ને સિંહો પાછળ સુરક્ષાની જવાબદારી નિભાવતા વનવિભાગની આળસને કારણે અકસ્માતોનો ભોગ દેશની આન, બાન અને શાન સમા સિંહો બની રહ્યા છે તે વાસ્તવિકતા સામે સરકાર વનવિભાગની કામગીરીઓ સામે કડકાઈ કરે તે જરૂરી હોય તેવું સિંહ પ્રેમીઓમાં ઈચ્છી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલીનાં હનુમાનપરાનાં ઈસમની

સત્યનારાયણ સોસાયટી, અમરેલી વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલીનાઓ તરફ મોકલી આપેલ. આવા ભયજનક વ્યકિતની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહીંયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતાં, અમરેલી એલ.સી.બી. ટીમ તથા અમરેલી સીટી પોલીસ સ્ટેશન ટીમ દ્વારા છત્રપાલ ચન્દ્રકિશોરભાઈ વાળા નામના ઈસમને પાસા વોરંટની બજવણી કરી, પાલનપુર મધ્યસ્થ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૩૩૦૦ | ૩૪૦૦ |
| ૨ | કપાસ | ૧૪૪૦ | ૧૪૪૧ |
| ૩ | બાજરો | ૪૨૧ | ૪૪૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૪૪૨ |
| ૫ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૬ | તુવેર | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૭ | ચણા | ૭૦૧ | ૧૦૪૧ |
| ૮ | એરંડી | ૭૦૦ | ૭૦૦ |
| ૯ | શીંગદાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |

### પાના ૮ ઉપરનું ચાલું બાબરા પંથકમાં રવિવારે મેઘ તાંડવ

વિસ્તારોમાં સરેરાશ ચારથી આઠ ઈંચ વરસાદ પડતાં ગામની સ્થાનિક નદીઓમાં ગાંડીતુર બની હતી. વરસાદનું જોર અને પુરનું પાણી વધતા લોકોનાં જીવ તાળવે ચોટવા લાગ્યા હતા. જો કે બપોર બાદ મેઘરાજાએ વિરામ લેતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

બાબરા શહેરમાં સવારથી બપોર સુધીમાં પાંચ ઈંચ જેટલો વરસાદ પડી જતા શહેરની કાલુભાર નદી બે કાંઠે વહી ગાડીતુર બની હતી કાલુભાર નદીનું પાણી શહેરના શિવાજી ચોક,મસ્જિદ શેરી, અને નાગરિક બેક ચોક વિસ્તારમાં ફરી વળતા જન જીવનને આશિક અસર પડી હતી કાલુભાર નદી પર આવેલ ત્રણ જેટલા બ્રિજ પર પાણી આવવા લાગતા લોકો પુર જોવા પરિવાર સાથે ઉમટી પડયા હતા કોઈ દુર્ઘટનાનો બને તે માટે પોલીસ દ્વારા પાણીના વહેંણ આગળ હોમગાર્ડના જવાનો તેમજ પોલીસને બંદોબસ્તમાં મૂકી દેતા લોકોને પુલ પર આગળ જતાં અટકાવવા આવી રહ્યા હતા તેમજ બ્રહ્મસમાજની વાડીમાં પણ કાલુભાર નદીનું પાણી ત્રણ ચાર ફૂટ આવી જતા અહીં વાડીમાં બિરાજતાશ્રી અજબેર મહાદેવનું ગર્ભગુહ પાણીમાં ગરક થયું હતું.

બીજી તરફ કરીયાણાં રોડપર આવેલ જીવાદોરી સમાન રામપરી ડેમ પણ છલોછલ થઈ ઓવરફલો જતા તેનો રોમાન્સ જોવા લોકો અહીં પણ ઉમટી પડયા હતા રામપરી ડેમ બાબરા સહિત ચરખા ઉટવડ સમઢીયાળા સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદના કારણે ભરાય જતા પિયત માટે ખુબજ ઉપયોગી થશે જેના કારણે ખેડૂતોમાં પણ આનદ જોવા મળી રહ્યો છે.

બાબરા તાલુકાના ચમારડીમાં સ્થાનિક નદીમાં ઘોડાપુર આવ્યું હતું તેમજ ઉટવડ, સમઢીયાળા, ટાઈવદરમાં ભારે વરસાદના કારણે બેટમાં ફેરવાય ગયા હતા અહીં ઘરોમાં પુરનું પાણી ફરી વળ્યુ હતું તેમજ ગામમા પાણી આવી જતા બહાર મુકેલ વાહનો પણ ડૂબી ગયા હતા આ સિવાય વાંડળીયા, પાનસડા,ઘૂઘરાલા,ધરાઈ મોટા દેવળીયા, વાવડી, ખાખરીયા, કરીયાણાં, ખંભાળા, દરેડ, જામબરવાળા, ઈંગોરાળા,પીર ખીજડિયા, લુણકી, ચરખા, નવાણિયા,સહિતના ગામડાઓમાં પણ ધોધમર વરસાદ પડતાં સ્થાનિક નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું તેમજ નદી નાળા અને ચેકડેમ છલકાય ગયા હતા સિમ અને વાડી વિસ્તારોમાં પાણી ભરાય જતા કપાસ મગફળી સહિતના પાકોમાં વ્યાપક નુકસાનની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.હજુ આગાહી મુજબ કેટલો અને ક્યારે વરસાદ પડશે તે કોઈ અંદાજ લાગવી શકાય તેમ નથી પણહાલ ખેડૂતો મેઘરાજા ખમૈયા કરે તેવી આજીજી સાથે પ્રાથના કરી રહ્યા છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૧ | ૧૪૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૫૦૦ | ૧૬૨૧ |
| ૩ | શીંગદાણા | ૧૯૦૦ | ૨૦૧૧ |
| ૪ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૭૦૫ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૮૦ |
| ૬ | જીરૂ | ૧૦૦૦૦ | ૧૦૫૦૦ |
| ૭ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૪૦ |
| ૧૧ | જુવાર | ૪૭૫ | ૯૦૪ |
| ૧૨ | ચણા | ૮૯૦ | ૯૭૬ |
| ૧૩ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૪ |
| ૧૪ | ધાણા | ૮૫૦ | ૧૩૬૨ |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૯૪૪ |

# ધારી ખાતે ધારાસભ્ય જે.વી. કાકડીયા અને સરપંચ ભુપતભાઈ વાળાનું સન્માન





ધારી, તા. ૨૪

ધારી નવી વસાહત પ્રાથમિક શાળામાં ધારી ગ્રામ પંચાયત દ્વારા સ્કૂલમાં છેલ્લા ઘણા સમયથી નવી વસાહત શાળામાં પીવાના પાણી ખુબ જ તકલીફ બાળકોને પડતી હતી. આ પ્રશ્નને લઈ સ્કૂલના શિક્ષકો દ્વારા આ અગાઉ વારંવાર રજુઆત કરેલ, પણ કોઈએ આ વસાહતના વિદ્યાર્થીઓ માટે પડતી મુશ્કેલી તરફ ધ્યાન સુધ્ધા આપેલ નહી. પરંતુ આ બાબતની જાણ તા.પંચાયતના સદસ્ય અનવરભાઈ તથા પંચાયતના સભ્યોને થતા તેઓ દ્વારા ધારીના સરપંચ ભુપતભાઈ વાળાને કરતા તેઓએ વિના વિલંબે તત્કાલ દાર કરાવી જરૂરી મશીનરી મંજુર કરાવી જાતે દેખરેખ રાખી કાર્ય કરી, આજરોજ સ્કૂલમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા તથા ભુપતભાઈ વાળાના વરદહસ્તે ખુલ્લુ મુકેલ તેમજ શાળાના શિક્ષકો દ્વારા ધારાસભ્ય તથા ધારીના સરપંચનું શાલથી સન્માનિત કરેલ.

આ તકે ધારાસભ્ય દ્વારા જણાવેલ છે કે બાળકો માટે જરૂરી મધ્યાહન ભોજન શેડ પણ ટુંક સમયમાં મંજુર થશે. આ સમારોહમાં જી.પંચાયતના સભ્ય ખોડાભાઈ ભુવા, અનવરભાઈ લલિયા, પરેશ પટણી, પંચાયતના સદસ્ય નાવેદ ચૌહાણ, હર્ષદભાઈ રાવલ, સુર્યકાંતભાઈ મહેતા, પત્રકાર અરવિંદભાઈ દવે, નિકુંજ મહેતા (અબતક) ઉપસ્થિત રહેલ.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીથી ફતેપુર સુધીની

નિમંત્રણ આપવામાં આવેલું. તેમજ ભોજલરામ જગ્યામાં ભોજન પ્રસાદ ફરાળની વ્યવસ્થા કરવામાં આવેલી આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી ડી.કે.રૈયાણી તેમજ કોર કમીટીનાં સભ્ય કાળુભાઈ ભંડેરી, મનુભાઈ દેસાઈ, કાંતિભાઈ વઘાસીયા, કાળુભાઈ સુહાગીયા હાજર રહેલા તેમજ કાર્યક્રમમાં ખોડલધામ ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, પ્રેમજીભાઈ ડોબરીયા, રમેશભાઈ કાથરોટીયા, ભુપતભાઈ ભુવા તેમજ અમરેલી જિલ્લા ખોડલધામ સમિતી કન્વિનર સુરેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહી જ્ઞાતિ બંધુઓને પ્રોત્સાહીત કરેલા આ પદયાત્રામાં સલાહકાર માર્ગદર્શન એમ.કે. સાવલિયા, દકુભાઈ ભુવા, ચતુરભાઈ ખુંટ, કાળુભાઈ રૈયાણી, એ.બી.કોઠીયા, વલ્લભભાઈ રામાણી, કાળુભાઈ કાછડીયા, દયાળભાઈ સંઘાણી, મુંકુદભાઈ સેંજલીયા, મુળજીભાઈ પાનેલીયા, ભરતભાઈ પાનસુરીયા, નરેશભાઈ સાકરીયા, રામભાઈ ગજેરા, સહજાનંદભાઈ સખરેલીયા, ભાર્ગવભાઈ ભંડેરી, રીધેશભાઈ નાકરાણી, અશોકભાઈ, ભુપતભાઈ સાવલિયા, રાજુભાઈ માંગરોળીયા, મનસુખભાઈ બોદર પંકજભાઈ ધાનાણી, સી.પી.ગોંડલીયા, મુકેશભાઈ સીરોયા, લાયન પ્રમુખ કૌશિકભાઈ હપાણી, લાયન પ્રમુખ કીશોરભાઈ શીરોયા તેમજ અનેક વડીલો હાજર રહેલા.

આ તકે જીવન મુકિતધામ સેવા મંડળ ભાઈઓની ટીમ તેમજ બહેનોની ટીમનાં તમામ સભ્યઓ, અમરેલી જિલ્લા ખોડલ ધામ મહિલા સમિતિનાં તમામ બહેનો, રોકડવાડી મહીલા મંડળ, કેરીયા રોડ, મહિલા મંડળ, લીલીયા રોડ મહિલા મંડળ, ચકકરગઢ રોડ મહિલા મંડળ તેમજ ભોજલરામ ધુન મંડળ, જલારામ ધુન મંડળનાં અનેક ધર્મપ્રેમી અને સમાજ સેવકો બહોળી સંખ્યામાં ભોજલરામ બાપાનાં રથને પદયાત્રામાં આગળ રહીને ફતેપુર સુધી ધર્મભાવનાની જોડાયેલા રહેલા.

આ પદ યાત્રા રથનું સ્વાગત અને ઉમળકાની સન્માન સૌ પ્રથમ રોકડીયા હનુમાનજી મંદિરથી લીલીયા રોડ સોસાયટી સભ્યો તેમજ જ્ઞાતિબંધુઓએ ભોજલરામબાપાની આરતી પુજન કરી રથને પ્રસ્થાન કરાવેલું અને સાથે પદયાત્રામાં જોડાયેલા ત્યારબાદ 'પદયાત્રા' ભોજલરામ રથ આગળ વધતા ચકકરગઢ રોડ ચોકડીએ રથનું સ્વાગત લેઉવા પટેલ સંકુલના પદાધીકારીઓ તેમજ ચકકરગઢ રોડ, તમામ લેઉવા પટેલ આગેવાનો ભાઈઓ/બહેનો દ્વારા અને કાનાણીની વાડી વિસ્તારનાં આગેવાનો પણ આ સ્વાગત સન્માનમાં જોડાયેલા તેમજ ફુલહાર કરી રથયાત્રામાં જોડાયેલા પદયાત્રા રથ આગળ જવા ગજેરા સર્કલ પાસે બાલમુંકુદ ઝવેલર્સ અને બાલમુકુંદ કેટરર્સ તેમજ તમામ હોટલ સંચાલકોએ અને ગજેરા પરા પટેલ સમાજનાં આગેવાનો દ્વારા રથનું સ્વાગત કરવામાં આવેલું તેમજ રથને વચ્ચે રાખી તમામ બહેનોએ રાસ ગરબા લેતા લેતા આગળ વધેલા ત્યારે શ્રી લક્ષ્મી ડાંયમંડ હોસ્ટેલમાં રેહતી અને સંકુલમાં અભ્યાસ કરતી પટેલ સમાજની દિકરીઓ દ્વારા ' ભોજલરામ રથ'ને પુષ્પહાર પહેરાવી સ્વાગત કરેલું અને તમામ પદયાત્રીઓને કુમ કુમ તિલક કરેલ ત્યારે રેકટર તેમજ સંકુલના ડાયરેકટ ચતુરભાઈ ખુંટ, વલ્લભભાઈ રામાણી, મનસુખભાઈ ધાનાણી ખાસ હાજર રહેલા આ પદયાત્રા રથ આગળ વધતા ફતેપુર પહોંચતા પાદરમાં ભોજલરામ પરીવાર, મહિલા મંડળ ગ્રામ્યજનોએ સામૈયા કરી ઢોલનગારા સાથે સ્વાગત કરેલું. અને ભોજલરામ, દેરી પર હાર–પ્રસાદી ધરવામાં આવેલી ભોજલરામ મંદિરે જગ્યામાં રથ પહોંચતા ધુન–રાસગરબા, ભજન, સંત સંગની છોળો ઉડેલી ત્યારે 'પદયાત્રા રથ'નું સ્વાગત પૂ.મંહત ભકિતરામ બાપુએ કરેલ તેવા સમયે તમામ જ્ઞાતિ બંધુ દ્વારા ભોજલરામ મંદિરમાં ધજા–પુષ્પહાર, પ્રસાદી ભોજલરામબાપાનાં ચરણોમાં પ્રસાદ તરીકે ધરીને તે ધજાનું આરોહણ કરવામાં આવેલું અને પ્રસાદી આપવામાં આવેલી.

આ તકે જે.ડી. સાવલિયા અને અશોકભાઈ સાવલિયા–સુરતવાળા ધ્વારા તમામ જ્ઞાતિબંધુને ભોજલરામબાપાનાં ફોટાનું વિતરણ કરવામાં આવેલું. આ કાર્યક્રમમાં તમામ જ્ઞાતિબંધુનું તમામ કમિટી સાથે મહેમાનોનું ભોજલરામબાપાનું પુસ્તક અને પુષ્પહારથી સન્માન પૂ. ભકિતરામબાપુએ કરેલ તેમજ લીલીયાથી પધારેલા લેઉવા પટેલ સમાજનાં આગેવાનોને સન્માનીત કરવામાં આવેલા તેમજ ધુન મંડળને સન્માનીત કરવામાં આવેલા.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ દિનેશભાઈ ભુવા, મંત્રી જે.ડી. સાવલિયા, ઘનશ્યામભાઈ સોરઠીયા, ગોપાલભાઈ કચ્છી, સંજયભાઈ રામાણી, ઘનશ્યામભાઈ રૈયાણી, નિલેશભાઈ દેસાઈ, રાજુભાઈ ઝાલાવાડીયા, જતિનભાઈ સુખડીયા, રમેશભાઈ બાબરીયા, ભાવેશભાઈ કાબરીયા, અરજણભાઈ કોરાટ, સંજયભાઈ પોકળ, ચંદ્રેશભાઈ ખૂંટ, જયસુખભાઈ મોણપરા, ભરતભાઈ સાવલીયા, ભીખુભાઈ કાબરીયા, હિરેનભાઈ બાંભરોલીયા, જગદિશભાઈ તળાવીયા, નિમેશભાઈ બાંભરોલીયા, કેયુરભાઈ રૈયાણી, વરૂણભાઈ પટેલ, રાજુભાઈ ફીણવીયા, દિનેશભાઈ સાવલિયા, પી.પી. પડસાલા, નીલેશભાઈ ઠુંમર, વર્શિલભાઈ મોવલીયા તેમજ શિક્ષણ ટીમનાં કોટડીયા અને તમામ શિક્ષણ ટીમનાં સભ્યો, લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની સલાહકાર ટીમનાં સભ્યો, સહકાર ટીમના સભ્યો અને વડિલો, માર્ગદર્શકો તેમજ ભોજલરામ યુવક મંડળ ફતેપુરનાં સભ્યો ભરતભાઈ, જગદિશભાઈ, ભાવિકભાઈ, નિખીલભાઈ, રમેશભાઈ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ મોટી જહેમત ઉઠાવેલ અને ખૂબ સુંદર રીતે કાર્યક્રમ સફળ થયેલો. જ્ઞાતિબંધુ માટે પરત અમરેલી આવવા બસની વ્યવસ્થા ભાવેશભાઈ નાકરાણી તેમજ શિતલ આઈસ્ક્રીમ તરફથી બસ–ઈકો મોટરની વ્યવસ્થા કરવામાં આવેલી તેવું લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૨ | ચણા | ૭૬૨ | ૮૭૬ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૧ | ૪૬૫ |
| ૪ | સોયા | ૯૦૦ | ૯૨૫ |
| ૫ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | મેથી | ૮૯૦ | ૮૯૦ |
| ૭ | શીંગદાણા | ૧૬૪૦ | ૨૦૨૨ |
| ૮ | ધાણા | ૧૧૪૦ | ૧૩૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૦૩૫ | ૩૩૦૦ |
| ૧૦ | ચણા છોલે | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૧ | જુવાર | ૯૧૦ | ૯૧૧ |
| ૧૨ | ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૩ | વાલ | ૧૮૨૦ | ૧૮૨૦ |
| ૧૪ | તુવેર | ૧૦૫૦ | ૧૫૧૫ |
| ૧૫ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |

### જાહેર નોટિસ

આથી હુ નીચે સહી કરનાર : સુરેશ બી. મકવાણા એડવોકેટ રહે. અમરેલીના તે અમારા અસીલ રમેશભાઈ ધનજીભાઈ ગોહીલ રહે. અમરેલી, તા.જિ. અમરેલીનાની મળેલ સુચના, માહીતી અનુસાર લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ અમરેલી, તા.જિ. અમરેલી મુકામે રહે છે. અમારા અસીલના નામજોગ એક શ્રી જેરામભાઈ ભવાનભાઈ પટેલ રહે. મુંબઈનાએ તા. ૧૫/૦૭/૨૦૨૩ ના રોજ નોટરી રૂબરૂ અમરેલી ગામે સુધરાઈ હદમાં હનુમાનપરા રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૧૧૪૩ પૈ.૧, ની બીન ખેડવાણ જમીન માહે આવેલ ''ગોકુલ ગાર્ડન''ના પ્લોટ નં.–૧ અને ૧/એ/૨ જેના ચો.મી. ૭૧.૪૧નું કબ્જા વગરનું બાનાખત કરી આપેલ છે. અમારા અસીલના નામજોગ બાનાખત કરી આપનારના નામજોગ સદરહુ જમીન મીલ્કત (૧) વે.દ.અનુ.નં. ૩૧ થી તા. ૦૨/૦૧/૨૦૨૦ ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજ મુજબ તેમજ (૨) વે.દ.અનુ.નં. ૪૧૫૪ થી તા. ૧૦/૧૨/૧૩ ના રોજ થયેલા વેચાણ દસ્તાવેજો મુજબ આવેલી છે અમારા અસીલના નામજોગ નોટરી રૂબરૂ બાનાખત કરી આપનારના નામજોગ સદરહુ ઉપરોકત વેચાણ દસ્તાવેજો અનુક્રમે ક્રમ ૧ તથા ૨, ના વેચાણ આપનારાઓ (૧) સવિતાબેન બાલુભાઈ કાબરીયા વિ–૪, જેમાં ક્રમ નં.–૫, દિનેશભાઈ બાલુભાઈ કાબરીયા પોતે જાતે તથા નં. ૧ થી ૪, ના કુ.મુ. દરજજે કરી આપેલ છે તેમજ જેરામભાઈ ભવાનભાઈ પટેલના નામજોગ ક્રમ નં. ૨ વાળા થયેલ રજી. વેચાણ દસ્તાવેજ મુજબ વેચાણ આપનારાએ મુળ માલીકના કુ.મુ. જયંતીભાઈ નાગજીભાઈ ડોબરીયા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. આમ અમારા અસીલના નામજોગ થયેલ બાનાખત વાળી જમીન મીલ્કતના ઉતરોતર વેચાણ વ્યવહારો કુ.મુ. મારફત થયેલા હોય અને બાનાખતની રૂઈએ સદરહુ પ્લોટવાળી મીલ્કતનું બાનાખતની રૂઈએ અમારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા માંગતા હોય જેથી અમારા અસીલે અમારી પાસેથી સદરહુ બાનાખતવાળી જમીન મીલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ મળવા માંગણી કરેલ છે.

આમ ઉપર મુજબ અમારા અસીલના નામજોગ રહેલી સદરહુ બાનાખત વાળી મીલ્કતના વ્યવહાર અગાઉ કુલમુખત્યાર મારફત થયેલા હોય તે સમયે કુલમુખત્યારનામા અસ્તીત્વમાં હોય તે રીતે અમારા અસીલના નામજોગ સદરહુ બાનાખતવાળી મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિત કે નાણાકીય સંસ્થા કે સહકારી કે અર્ધ સહકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે સદરહુ બાનાખતવાળી મીલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો થયેલ હોય અથવા તો કોઈપણ ઈસમનો સદરહુ મીલ્કતમાં કોઈ લાગભાગ કે હકક હીસ્સો આવેલ હોય કે ઉપરોકત બાનાખત કરી આપનારના નામજોગ રહેલ સદરહુ મીલ્કતના અગાઉ વેચાણ દસ્તોજ થયા પહેલા સદર મીલ્કતના કુલમુખત્યાર આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય કે રદ થયેલા હોય કે કોઈપણ ઈસમને વાંધા રહેલા હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એડી.થી જણાવવુ અન્યથા આ અંગે કોઈને હરકત વાંધા કે તકરાર નથી અને જો હોય તો તેઓએ સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અમારા તરફેથી અમારા અસીલને ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યાબાદ આ અંગેની કોઈજ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જે અંગે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૨૪/૦૭/૨૦૨૩
સ્થળ :– અમરેલી.

**સુરેશ બી. મકવાણા**
એડવોકેટ–અમરેલી.
ઠે. ''ક્રિશ'' બહારપરા, સાવરકુંડલા રોડ–અમરેલી.

# ઉના : BAPS સ્વામી. મંદિર ખાતે મહાપૂજા અને રવિસભા યોજાઈ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉનાના ભાવનગર રોડ પર નિર્માણ દિન બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનું છેલ્લા ત્રણ વર્ષથી કામ શરૂ હોય અને હજુ પણ આગામી દોઢ વર્ષ સુધી કામ ચાલુ રહેશે. ત્યારે મંદિર પાસેના ભાગે સભામંડપ તૈયાર થઈ ગયેલ હોય તેમાં પૂજય અખંડમંગળદાસ સ્વામી, સરળમૂર્તિ સ્વામીની હાજરીમાં વૈદિક મહાપૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૫૦ થી વધુ હરિભકતોએ એક સાથે પૂજા કરી હતી. તેમજ મહાપૂજા પૂર્ણ થયા બાદ પૂજય અખંડમંગળદાસ સ્વામીના સ્વરમાં ભકતોને કથા વાર્તાનો લાભ આપવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સુવર્ણ બાગના પ્રમુખ હર્ષદભાઈ પટણી, ભરતભાઈ સોલંકી સહિતના હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વામી નિર્દોષાનંદ સત્સંગ આશ્રમમાં

## સાવરકુંડલા ખાતે અધિક અને શ્રાવણમાસ દરમિયાન ચાલી રહેલ શિવમહાપુરાણ

### શિવમહાપુરાણ શ્રવણ કરવા ઉમટી રહેલા શ્રોતાજનો

સાવરકુંડલા, તા. ૨૪

સંત શિરોમણિ પૂજયપાદ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં કૃપાપાત્ર સદ્‌શિષ્ય પૂજયપાદ સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ હાલમાં ચાતુર્માસ નિમિત્તે સાવરકુંડલા આશ્રમ મુકામે બિરાજી રહ્યા છે અને પોતાની ખૂબ જ સરળ તથા ભકિતભાવપૂર્ણ શૈલીથી પ્રતિદિન શિવમહાપુરાણ કથા–સત્સંગનો અનુપમ લાભ આપી રહ્યા છે. સાવરકુંડલાનાં ભાવિક ધર્મપ્રેમીજનો ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સત્સંગનું રસપાન કરી રહ્યા છે. ભગવાન સદાશિવની અનેક રહસ્યમય લીલા–કથાઓથી ભરપૂર આ કથા સત્સંગનો ચાતુર્માસ દરમિયાન પુરૂષોત્તમ માસ તથા આગામી શ્રાવણ માસ દરમિયાન જે લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે અને થશે એ સાવરકુંડલાની ભાવિક ધર્મપ્રેમી જનતા



માટે અહોભાગ્યની વાત છે તો સર્વે ધર્મપ્રેમી ભાઈઓ–બહેનો શિવભકતોને આ સંત્સગનો પ્રતિદિન લાભ લેવા માટે દરરોજ સાંજે ૫–૪૫ થી ૭ વાગ્યા સુધી પધારવા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ મંડળ સાવરકુંડલા દ્વારા સહૃદય આમંત્રણ પાઠવે છે.

તેમજ આ બે માસ અધિક અને શ્રાવણ માસમાં ચાલી રહેલ શિવમહાપુરાણનું લાઈવ પ્રસારણ આશ્રમની યુ–ટયૂબ ચેનલ 'ગુઢ સાન્નિધ્ય' 'GURU SANNIDHYA' પર દરરોજ બતાવવામાં આવશે. જેનો લોકો ઘરે બેઠાં પણ લાભ લઈ શ્રવણ કરી શકશે.

### ચેપી રોગનાં પગ પેસારાથી નાગરિકો પરેશાન

## અમરેલી જિલ્લામાં આંખનાં રોગે અનેક વ્યકિતઓને ઝપેટમાં લીધા

### નિષ્ણાંત તબીબોની સલાહ મુજબ સારવાર કરો

સાવરકુંડલા, તા. ૨૪

હમણાં હમણાં અમરેલી જિલ્લામાં આંખના રોગે ભરડો લીધો છે. ટૂંકમાં કહીએ તો કંન્ઝકટીવાઈટીસ નામનો આંખને લગતો રોગ સમગ્ર અમરેલી જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં પ્રસરી રહ્યો છે. ત્યારે આમ તો જો કે વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયામાં પણ તેનાથી બચવાના અને સાવચેતીના ઉપાયો પણ દર્શાવવામાં આવી રહ્યા છે.

છતાં પણ લોકોની બેદરકારી કે અજ્ઞાનતાને કારણે આ રોગે ભારે માથું ઉંચકયુ છે. ખાસ કરીને આ રોગનાં સકંજામાં આવી ગયા હોય તેવા દર્દીઓએ યોગ્ય તબીબી સારવાર લેવી હિતાવહ છે. આમ આડેધડ આંખનાં ટીપાંનો ઉપયોગ પણ આ રોગને ફરી ઊથલો મારવાની શકયતાઓને નિમંત્રણ આપનારો પણ બની શકે છે. આ સંદર્ભે સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રિટેન્ડન્ટ પ્રકાશભાઈ કટારીયાએ જણાવ્યું હતું કે આ રોગ ખૂબ ચેપી છે. અને આ રોગની સંપૂર્ણ તબીબી સારવાર જરૂરી છે. ઘણાં દર્દીઓ મેડિકલ સ્ટોરમાંથી આંખના ટીપાં ખરીદીને તેનો ઉપચાર કરવા માટે પ્રયાસ કરે છે. આ સંદર્ભે ઘણી વખત આંખનો ઉપરી ભાગ જંતુરહિત થાય છે.

પરંતુ આંખના અંદરના ભાગમાં ચેપ હજુ હોય છે એટલે બેદરકાર થઈને આંખ સ્વસ્થ થઈ ગઈ એમ સમજીને સારવાર અટકાવી દે છે. એવા ઘણા દર્દીઓમાં ફરી આંખના આ રોગે ઊથલો મારેલો પણ જોવા મળે છે. આંખનાં એન્ટિબાયોટિક ટીપાં સાથે તબીબની સલાહ મુજબ જરૂરી ટેબલેટ પણ લેવી જોઈએ. જો આવશ્યક હોય તો બાકી તમામ વિગતો અને સાવધાની રાખવાથી પરીવારમાં આ રોગને ફેલાતો અટકાવી શકાય છે.

એટલે જેમને પણ આ આંખનો રોગ થયો હોય તેમણે હળવાશથી ન લેતાં યોગ્ય તબીબી તપાસ પછી તેની સંપૂર્ણ તબીબી સલાહ મુજબ સારવાર કરાવવી અને સાવધાની રાખવી જરૂરી છે. આમ પણ આંખ એ શરીરનું ખૂબ જ નાજુક અને મહવનું અંગ ગણાય. આંખ વગરની જિંદગીની કલ્પના જ ધ્રૂજાવી દે છે. જીવનમાં વ્યાપ્ત અંધકારને ખાળવા માટે પ્રકાશની જરૂર પડે છે અને પ્રકાશની સમજણ સારી અને સ્વસ્થ આંખ જ આપી શકે છે. એટલે આંખ એ જીવનરત્ન છે.

## અધિક માસની અમૃતધારા



### વર વગરની વહુની વાર્તા – સંકીર્તન



છે. આપ પોતે જ સર્જનહાર છો, પ્રાણીમાત્રના પાલક પોષક છો, છતાં જપ–તપ દ્વારા આપ મૃત્યુલોકના પ્રાણીમાત્રને બોધ આપો છો. જો આપ તપ ન કરો તો કળિયુગમાં (લોકોએ) કરેલા પાપથી આ પૃથ્વી ડૂબી જાય. પુણ્યશાળી તથા પાપી એમ બંને પ્રકારના લોકોથી આ પૃથ્વી છવાયેલી છે તે કેવળ (આપે કરેલા તપરૂપ) પુણ્યથી જ ટકે છે.'

'હે ભગવાન ! હું અત્યારે મૃત્યુલોકમાંથી આવ્યો છું. ત્યાં મેં બધા મનુષ્યોને મોહ–માયામાં ફસાયેલા. પાપમાં રચ્યાપચ્યા રહેલા તથા વિષયામુકત મનવાળા અને સ્ત્રી–પુત્ર–ઘર વગેરેમાં રત રહેલા અને અસત્ય બોલતા જોયા. તેથી આપ મને એવો કોઈ ઉપાય બતાવો કે આ મનુષ્યો પવિત્ર પંથે વળે અને તેમનું કલ્યાણ થાય. વળી, 'ઉપકાર' કરવો એ વિષ્ણુ ભગવાનને પણ પ્રિય છે એવો વેદમાં ખાસ નિશ્ચય કરાયો છે માટે લોકોનો ઉપકાર કરવા તથા તેમનું સદાય હિત થાય તેવી જે કોઈ સારરૂપ પવિત્ર વ્રત કે કથા હોય તો કહો, **(ક્રમશઃ)**



**સંપાદક : મહેન્દ્ર જોષી**

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

## આંબરડી પે.સે. શાળાનું ઋણ અદા કરવાનો અવસર પ્રાપ્ત થયો



સાવરકુંડલા, તા. ૨૪

પોતાની પ્રાથમિક શાળા સૌ કોઈને આજીવન યાદ રહે છે. જીવન ઘડતરમાં પ્રાથમિક શિક્ષણનો અમૂલ્ય ફાળો રહેલો છે. પ્રાથમિક શાળાનાં આમંત્રણને માન આપી આજરોજ પ્રાથમિક શાળા આંબરડી ખાતે ભાવિનભાઈ અજમેરા, મહેશભાઈ ચોડવડિયા, પિયુષભાઈ પાચાણી અને મિત્રો શાળાની મુલાકાતે આવ્યા હતા.શાળાનું વાતાવરણ અને અભ્યાસથી ખબ પ્રભાવિત થયા. બાળકોને નવી ટેક્નોલોજી મુજબનું શિક્ષણ મળી રહ્યું છે એ જાણીને ખુબ આનંદિત થયા. આ તકે 'વતનનાં રતન' એવા ભાવિનભાઈ અજમેરાએ શાળાનાં બાળકો માટે રમતગમતનાં સાધનો લેવા માટે રૂપિયા ૧૫,૦૦૦/– ભેટ આપ્યા. આ ઉપરાંત શાળાને જયારે પણ કંઈપણ જરૂર પડે સામેથી કહેવા માટે કહ્યું. આ તકે શાળા પરિવાર દ્વારા દાતા ભાવિનભાઈ અજમેરાનો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો.

## લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન તથા વેદાંત ડેન્ટલ કેર દ્વારા ફ્રી ડેન્ટલ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૪

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન તથા વેદાંત ડેન્ટલ કેરનાં સહયોગથી ફ્રી દાંતનો કેમ્પ યોજાયો આ કેમ્પમાં ડો.શાશ્વત સોલંકી તથા ડો.ગ્રીષ્માં વાઘેલાએ સેવા આપેલ. આવેલ તમામ દર્દીઓનું ચેકઅપ તથા માર્ગદર્શન આપેલ. ઘણા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં લા.પ્રમુખ કૌશિક હપાણી, ખજાનચી રજનીકાંત ધોરાજીયા, દિનેશભાઈ ભુવા, રાજુભાઈ પરિખ, નનુભાઈ તળાવીયા, જતીન સુખડીયા, રાજુભાઈ



વિઠ્ઠલાણી, ગોરધનભાઈ માદળીયા, નિતેષ હીરપરા, શિવલાલ હપાણી તેમજ અન્ય લાયન સદસ્યો દ્વારા કેમ્પને સફળ બનાવેલ.

### બાવન ગામમાંથી વીસ ગામ કમી કરવાનું યોગ્ય નથી

## વીજપડીની પીજીવીસીએલની સબ ડિવિઝન કચેરીનાં વિસ્તારમાં ફેરફાર ન કરવા માંગ

### અમુક કર્મચારીઓની મેલી મુરાદ હોવાનો આક્ષેપ

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામની પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝન નીચે આવતા ૫૨ ગામડાઓ પૈકી રાજુલા તાલુકાના ૨૦ ગામડાઓ કમી કરી અન્યત્ર ખસેડી કામનું ભારણ ઘટાડવાના બહાના હેઠળ કર્મીઓ આ હિલચાલ શરૂ થઈ ગઈ છે તેનો વિરોધ કરતા વિજપડીના પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જણાવ્યું છે કે, ૨૦ ગામડાઓ ઘટાડીને વિજપડીનો વિકાસ અટકાવવા વાળાઓને 'રૂકજાઓ' નો સંદેશ એક નિવેદનમાં પાઠવેલ છે.

કામનું ભારણ ઘટાડવા નિયમાનુસાર સ્ટાફ વધારવાની માંગણી કરેલ છે. જાગૃત નાગરિકોએ પણ સ્ટાફ વધારવાની માંગણી કરવા પણ અનુરોધ કરેલ છે. વધુમાં પૂર્વ સરપંચએ જણાવ્યું છે કે ૨૦૦૭ થી ૨૦૧૨ ના મારા સરપંચ પદના સમયગાળા દરમ્યાન પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝન ઓફિસ બાઢડા જતી અટકાવી, ભાજપની જૂથબંધીના પરિણામે આ ઓફિસ લાવવામાં સહકારથી સફળતા મળેલ અને ૫૨ ગામડાઓનો સમાવેશ થતાં વિજપડીનો વેપાર ધંધા વિકાસ પામેલ છે. કામના ભારણના બહાને ૨૦ ગામડાઓ રાજુલા ખસેડવા કરતા કામના પ્રમાણે સ્ટાફ વધારવાની માંગણી હિતાવહ છે. પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝનના હિતેચ્છુઓ ઓફિસના આંગણે થયેલું દબાણ હટાવવાની બદલે પોતાના આંગણે દબાણ કરનારાઓને વિધુત કનેકશન આપી દબાણને પ્રોત્સાહન આપે છે. હેડ કવાર્ટરમાં રહેવું નહી, અપડાઉનમાં મોડું આવવું, વહેલા જતું રહેવું, લાંચ વગર કામ નહિ વિગેરે બાબતોમાં સેવાભાવી લોકોએ જાગૃત થવાની જરૂરત છે. તંત્રના દલાલોથી અધિકારીઓ – પદાધિકારીઓને સાવધાન રહેવા પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જાહેર નિવેદનમાં અપીલ કરેલ છે.

## અમરેલીમાં દાતાનાં સહયોગથી દિવ્યાંગોને ટ્રાઈસિકલ અર્પણ



અમરેલી, તા. ૨૪

માનવ સેવા અને રાષ્ટ્ર ધર્મને વરેલ સંસ્થા સંવેદન ગૃપ અમરેલી દ્વારા દિપીકાબેન અશોકભાઈ પરમાર (આસ્થા હોસ્પિટલ, અમરેલી)ના સહયોગથી બન્ને પગે અપંગ હોય એવાં જરૂરિયાતમંદ દિવ્યાંગોને વિનામૂલ્યે ટ્રાઈસિકલ આપવામાં આવેલ. સંવેદન ગૃપના સંયોજક વિપુલ ભટ્ટીએ સાઈકલના દાતા દીપુબેનને દિવ્યાંગો પ્રત્યે સંવેદના સહ નિઃસ્વાર્થ માનવસેવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતાં.

# વડિયા ખાતે જિલ્લા ભાજપ પ્રમુખનાં અધ્યક્ષ સ્થાને ''કાર્યકર્તા સંવાદ'' યોજાયો



વડિયા કુંકાવાવ તાલુકાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાઈ. વિવિધ સંગઠનાત્મક વિષયો અને જનકલ્યાણની યોજનાઓ અંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારી–બગસરાના ધારાસભ્ય જેવી કાકડિયાએ પધારીને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા દ્વારા રાજય અને કેન્દ્ર સરકારની પશુપાલનને લગતી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા દ્વારા આગામી દિવસોમાં આવનાર સંગઠનલક્ષી કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરિયાએ વિતેલા દિવસોમાં કાર્યકરો દ્વારા કરવામાં આવેલા. સફળ કાર્યક્રમો માટે તેમજ આજના 'સ્નેહ સંવાદ' કાર્યક્રમને સફળ બનાવ્યો એ બદલ વડિયા કુંકાવાવ તાલુકા ભાજપની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમ વડિયા કુંકાવાવ તાલુકા ભાજપના પ્રમુખ ગોપાલભાઈ, મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, યુવા મોરચાના કાર્યકરો અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જલ્પેશભાઈ મોવલીયા જીલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત દંડક તુષારભાઈ ગણાત્રા, અમરેલી જિલ્લા યુવા મોરચાના કારોબારી સભ્ય તુષારભાઈ વેગડ, મહામંત્રી રમાબેન હીરપરા, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ વસંતભાઈ સોરઠીયા, હિતેષભાઈ આગોલા, અનિરૂદ્ધભાઈ બોરીચા, જીગર સેજપાલ, પ્રતિક હરખાણી સહિત તાલુકાભરના સરપંચો, ભાજપના હોદેદારો અને કાર્યકરોની જહેમતથી સફળ બનાવ્યો હતો.

### ઈન્દિરા શોપિંગ સેન્ટર અને વેજીટેબલ માર્કેટ વેપારી એસોસીએશનમાં નારાજગી

# અમરેલી જિલ્લાને એસ.ટી. વિભાગ દ્વારા અન્યાયની પરંપરા

**અમરેલીથી મુંબઈ, નાથદ્વારા, પુષ્કર સહિતની લાંબા અંતરની સ્લીપર કોચ સેવા શરૂ કરવા માંગ**

**લીલીયા મોટા રેલ્વે સ્ટેશન સુધી બ્રોડગેજ ટ્રેન માટે બસનું કનેકશન આપવા માંગ**

**જિલ્લાનાં મુખ્ય મથક ખાતે એસ.ટી. બસ સેવાની હાલત અતિ દયનીય બની**

**એસ.ટી. વિભાગનાં એમ.ડી.ને વેપારી અગ્રણીઓએ રોષભેર પત્ર પાઠવીને યોગ્ય કરવા માંગ કરી**

અમરેલી, તા. ૨૪

અમરેલીનાં ઈન્દિરા શોપિંગ સેન્ટર અને વેજીટેબલ માર્કેટ વેપારી એસોસીએશનના અગ્રણી ચતુરભાઈ પટેલ, મુકુંદભાઈ ગઢીયા, યોગેશભાઈ કોટેચા, ગીરીશભાઈ ભટ્ટ અને હરેશભાઈ સાદરાણીએ સંયુકતપણે એસ.ટી. વિભાગનાં એમ.ડી.ને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સરકારનાં જનલક્ષી અભિગમથી નવા અદ્યતન બસ પોર્ટ, વિવિધ પ્રકારની નવી આધુનિક બસો દ્વારા જાહેર જનતા માટે મોટા પ્રમાણમાં સગવડતા પુરી કરવા અથાગ પ્રયત્નો ચાલે છે. પણ અમરેલી જિલ્લામાં આ સેવામાં કેટલીક ખૂંટતી કડી છે. તો તે ધ્યાને લઈ સત્વરે સગવડ આપવા માંગ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલીને મુંબઈ, સુરત ખાતે જોડનાર રેલ્વેમાં લીલીયા ખાતે સ્ટોપ છે. પણ બહારના પ્રવાસીઓને લીલીયાથી અમરેલી કે અમરેલીથી લીલીયા જવા

અનુસંધાન પાના ૬ ઉપર

### ભારે વરસાદથી સર્વત્ર જળબંબાકાર

## ખાંભા : રાયડી ડેમમાં પાણીની ભરપૂર આવક થતાં દરવાજો ખોલાયો

**નીચાણવાળા વિસ્તારોને સાવચેત રહેવા જણાવાયું**

ખાંભા, તા. ૨૪

ખાંભાનાં મોટા બારમણ નજીક આવેલ રાયડી ડેમમાં ૪૪૧ કયુસેક પાણીની આવક થતાં ડેમનો ૧ દરવાજો ખોલવામાં આવ્યો છે.

મોટા બારમણ, નાના બારમણ, ચૌત્રા સહિતનાં પાંચ ગામોનાં નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.



### વચગાળાનાં જામીન પરથી ફરાર થયા હોવાથી

## રાજકોટ જેલમાં હત્યાનાં ગુન્હામાં સજા ભોગવતાં ચિતલ-જશવંતગઢનાં કેદીની પુનઃ અટકાયત

**એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી**

અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાના ચીતલ-જસવંતગઢ ગામે રહેતા અનવર ઉર્ફે અનુ ઉર્ફે ભૂરો હનીફભાઈ બીલખીયા નામના ઈસમ ખુનના ગુન્હામાં રાજકોટ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવતા હોય અને વચગાળાના જામીન પરથી ફરાર થયેલ હોય તે પાકા કેદીને પકડી પાડી ધોરણસર કર્યવાહી અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડે હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે આ કામના અમરેલી તાલુકાના ચીતલ-જશવંતગઢ ગામે રહેતા અનવર ઉર્ફે અનુ ઉર્ફે ભૂરો હનીફભાઈ



બીલખીયા નામના ઈસમને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન આઈપીસી કલમ ૩૦૨ ના કામે સેશન્સ કોર્ટ અમરેલી દ્વારા આજીવન કેદ તથા દંડની સજા હુકમ થતા મજકુર રાજકોટ

અનુસંધાન પાના ૬ ઉપર

### કાળુભાર નદી બે કાંઠે વહેતી થતાં રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું

## બાબરા પંથકમાં રવિવારે મેઘ તાંડવ : પાંચથી આઠ ઈંચ વરસાદથી સર્વત્ર પાણી પાણી જોવા મળ્યું

**ઉંટવડ, તાઈવદર સહિતનાં ગામોમાં આઠ વરસાદથી ગામ બેટમાં ફેરવાયું**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૪

બાબરા શહેર તેમજ સમગ્ર પંથકમાં ગત મોડી રાતથી ધીમી અને જીણી ધારે વરસાદ શરૂ થયો હતો. જે વહેલી સવારે ધોધમાર શરૂ થતાં બપોર સુધીમાં સમગ્ર વિસ્તારમાં પાણી પાણી થઈ ગયું બાબરામાં પાંચ ઈંચ વરસાદ પડયો તો તાલુકાના મોટા ભાગનાં ગ્રામ્ય

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલામાં જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું. અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમે તા. ૨૩ની શરૂ રાત્રીના રાજુલા ટાઉનમાં નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે રાજુલા ટાઉનમાં ખેતાગાળા વિસ્તારમાંથી મોબાઈલ ટોર્ચના અજવાળે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા કૈલાશ ધીરૂભાઈ શિયાળ રહે. રાજુલા સહિત પાંચ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂા. ૧૩,૧૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૨ કિંમત રૂા. ૧૮,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૩૧,૧૦૦ના મુદામાલ સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### મિલ્કતમાં ભાગ આપવાની ના પાડતાં

## સાવરકુંડલા શહેરમાં ભાઈએ ભાઈને પાઈપ મારી કરી ઈજા

**ભાઈ-ભત્રીજા સામે આધેડે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા ગામે દેવળા ગેઈટ ખાતે રહેતા ચંદ્રેશભાઈ મણીલાલ મજીઠીયા નામનાં ૫૯ વર્ષિય આધેડને તેજ ગામે રહેતા તેમના જ ભાઈ નિલેશ મણીલાલ મજીઠીયા તથા ચિંતનભાઈ મણીલાલ મજીઠીયાએ ભાગ આપવા બાબતે કહેતા આધેડે ભાગ આપવાની ના પાડતાં પિતા-પુત્રએ ઉશ્કેરાઈ જઈ આધેડને લોખંડનાં પાઈપ વડે માર મારી મૂંઢ ઈજા કર્યાની ફરિયાદ સાવરકુંડલા ટાઉન પોલીસમાં નોંધાઈ છે.

### અમરેલી નજીક આવેલ

## મોટા આંકડીયા ગામે કરકર પરિવારનાં કુળદેવી માતાજીનાં મંદિરમાંથી રૂા. ૨.૩૧ લાખની ચોરી

**સીસીટીવી ફૂટેજનાં આધારે પોલીસે તપાસ હાથ ધરી**

અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાનાં મોટા આંકડીયા ગામે આવેલ કરકર પરિવારનાં કુળદેવી શ્રી ખોડીયાર માતાજીનાં મંદિરમાં તા. ૨૪નાં રોજ વ્હેલી સવારે બે અજાણ્યા ચોર ઈસમે મંદિરનાં તાળા તોડી મંદિર પ્રવેશ કરી માતાજીની મૂર્તિ ઉપર ચડાવેલ ચાંદીના છતર દોઢ કિલો વજનનું કિંમત રૂા. ૫૦ હજાર, ૧-૧ કિલોનાં ચાંદીનાં છતર નંગ-૨ કિંમત રૂા. ૭૦ હજાર, માતાજીનાં પગમાં પહેરેલ ઝાંઝર કિંમત રૂા. ૬૦ હજાર, કંદોરો કિંમત રૂા. ૫૦ હજાર તથા મંદિરમાં મુકેલ દાનપેટીમાંથી રૂા. ૧૨૦૦ મળી કુલ રૂા. ૨.૩૧,૨૦૦નાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતા પોલીસે સીસીટીવીનાં ફૂટેજનાં આધારે વધુ તપાસ હાથ ધરી છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)